શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા પુષ્પ - ૨

# ઉપદેશમાલા

# પુષ્પમાલા

# ભવભાવના

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

**આજ્ઞા** : સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ
**અને** પ. પૂ. આ. ભ. શ્રીમદ્
**આશીર્વાદ** વિજય જયઘોષસૂરીશ્વરજી મ. સા.

રાજપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્
વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.

**સંપાદક** : મુનિ ભવ્યસુંદરવિજય

**પ્રકાશક** : શ્રમણોપાસક પરિવાર



A/301, હેરિટેજ હોલી એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નેહરુ રોડ, મુલુંડ (વેસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૮૦.
કિશોરભાઈ Mo. 98691 48094
shraman.parivar@gmail.com



**આવૃત્તિ** : પ્રથમ **વર્ષ** : વિ. સં. ૨૦૭૨



© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

ભવોદધિત્રાતા

સંયમદાતા

ગ્રહણ-આસેવનશિક્ષાપ્રદાતા

ગુરુદેવ

પ્રવચનપ્રભાવક

પ. પૂ. આ. ભ. શ્રી **વિજય**

**રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.**ના

સંયમજીવનની

સુવર્ણજયંતિ

(૫૦ વર્ષ)

પ્રસંગે

તેઓશ્રીના પાવન ચરણકમલમાં

સાદર સમર્પણ...

મુનિ ભવ્યસુંદરવિ..

## પ્રાપ્તિસ્થાન

| | |
|---|---|
| મુંબઈ | પ્રકાશક |
| અમદાવાદ | **શ્રી બાબુલાલ સરેમલજી શાહ**<br>'સિદ્ધાચલ' બંગલો, હીરા જૈન સોસાયટી,<br>રામનગર, સાબરમતી, અમદાવાદ - 380005.<br>ફોન. 079-2750 5720.<br>(મો.) 94265 85904. |
| સુરત | **શ્રી પરેશભાઈ કાંતિલાલ શાહ**<br>E-1/403, નીલકંઠ રેસિડેન્સી,<br>ન્યુ ક્રોસ રોડ, અમરોલી, સુરત - 394107.<br>ફોન. (મો.) 93235 59466. |
| અન્ય સ્થળો | (કુરિયરથી મંગાવવા માટે)<br>ભાવેશભાઈ (મો.) 94288 32660<br>વિશાલભાઈ (મો.) 98985 08480 |

## સ્વાધ્યાયનો સ્વાદિષ્ટ
## રસથાળ

પ્રાણવાયુ વિના
શરીરને જીવંત રાખવું
અશક્ય.
પાણી વિના
બગીચાને લીલોછમ રાખવો
અશક્ય.
તંદુરસ્ત અને મજબૂત મૂળ વિના
વૃક્ષને ધરતી પર ટકાવી રાખવું
અશક્ય.
બસ, એ જ ન્યાયે
સ્વાધ્યાય વિના
સંયમજીવનને જીવંત રાખવું,
ધબકતું રાખવું,
ટકાવી રાખવું
અશક્ય.
જ્ઞાનસાર નામના ગ્રંથમાં તો
સ્વાધ્યાય [ધ્યાન] ને
તપમાં સમાવેશ કરી દીધો છે!
અને સ્વાધ્યાય માટેનો એવો
સ્વાદિષ્ટ રસથાળ વિદ્વદ્વર્ય
મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજીએ
રજૂ કરી દીધો છે કે જેને જોતાંવેંત
જ એને આરોગી લેવાનું અને
આરોગતા રહેવાનું મન થયા વિના
ન રહે.
૫૦ જેટલા ગ્રંથોમાંથી ૧૫૦૦૦
જેટલા શ્લોકો અને ગાથાઓ
અને એમાંથી લગભગ 3000 ગાથાઓ

પસંદ કરીને જિજ્ઞાસુઓ, બાળકો અને મુમુક્ષુઓ સમજી શકવાના એમણે કરેલા આ સ્તુત્ય અને સાત્વિક પ્રયાસોની અનુમોદના કરવા માટે તમારા શબ્દો ઓછા પડે છે.

પણ સબૂર ! ઘોડાને જળ ભરેલા સરોવર પાસે લઈ જઈ શકાય છે પણ પાણી તો ઘોડાએ પોતે જ પીવું પડે છે.

બસ, સંયમી પૂજ્યોને એટલું જ કહીશ કે વિદ્વદ્વર્ય મુનિવરશ્રીએ સ્વાધ્યાય માટેનો સ્વાદિષ્ટ રસથાળ આજે રજૂ તો કરી દીધો છે પણ તૃપ્તિ અને પ્રસન્નતા અનુભવવા એ સ્વાદિષ્ટ રસથાળના કવળોને આરોગવાનો પુરુષાર્થ તો આપણે પોતે જ કરવો પડશે.

સ્વાધ્યાય યોગના આ સાધકો આપણે સહુ આપણાં આત્મકમળને નિર્મળ કરતા રહેવામાં દેવ-ગુરુકૃપાએ સફળ બનીએ એ જ અંતરની શુભકામના સાથે

લિ.
રત્નસુંદરસૂરિ

## ગાથા ગુંજન...

વૈરાગ્યના ઉપદેશને..

આચારના અનુષ્ઠાનોને..

અધ્યાત્મના બોધને..

દ્રવ્યાનુયોગના પદાર્થોને..

આત્મલક્ષી ભાવનાઓને..

આત્માના વિકાસક્રમને..

યોગ અને અધ્યાત્મના તત્ત્વોને..

પ્રાકૃત ગાથાઓ કે સંસ્કૃત શ્લોકોમાં ગૂંથીને જ્ઞાની મહાપુરુષોએ અજબ-ગજબનો ઉપકાર કરી દીધો છે.

અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકાએ પહોંચેલા એ મહાપુરુષોએ જે નિર્મળ અને દુર્લભ શુભ ભાવોનો સ્પર્શ કર્યો.. વૈરાગ્યના જે સંવેદનો અનુભવ્યા.. આગમિક - શાસ્ત્રીય પદાર્થોને ગુરુ-પરંપરાથી ઝીલ્યા.. તે ભાવસૌંદર્યને તેમણે સુંદર ગાથાઓમાં કે શ્લોકોમાં મઢી લીધું..

આઠ-નવ ગાથાના કોઈ અષ્ટકથી માંડીને સેંકડો અને સહસ્રાધિક શ્લોકોથી સમૃદ્ધ એવા વિરાટકાય અદ્‌ભુત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે.

ગાથાઓ કંઠસ્થ કરવાની પાવન પરંપરા છેક પ્રભુ વીરના સમયથી આજ સુધી ચતુર્વિધ સંઘમાં ચાલી રહી છે.

આમરાજા પ્રતિબોધક શ્રી બપ્પભટ્ટીસૂરિ મ. સા. રોજની ૧ હજાર ગાથા કંઠસ્થ કરતા હતા.

સાંભળ્યું છે કે પૂ. આત્મારામજી મ. સા. રોજની ૩૦૦ ગાથા કંઠસ્થ કરતા હતા.

પેથડમંત્રી રાજદરબારમાં જતા-આવતા પાલખીમાં બેસીને ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતા હતા.

આજે પણ અનેક શ્રમણ-શ્રમણી ભગવંતો એવા છે કે જેમને ૫ હજાર કે ૧૦ હજારથી પણ વધુ ગાથાઓ કંઠસ્થ છે.

શ્રાવક વર્ગમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણથી આગળ ગોખવાનું ચલણ ઘણું ઓછું છે. શ્રમણ-શ્રમણી વર્ગમાં પણ ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિમાં ઓટ આવતી જાય છે અને કંઠસ્થ કર્યા પછી નિયમિત પુનરાવર્તન દ્વારા તેને ઉપસ્થિત રાખવાનું તો વધુ મંદ બન્યું છે.

ગાથા કંઠસ્થ કરવાના અને ટકાવવાના લાભો અપરંપરા છે. તે છતાં તે બાબતની જે ઉપેક્ષા દેખાય છે તેના કારણો તપાસીએ તો એક મહત્ત્વનું કારણ તરત ઊડીને આંખે વળગે છે - તે છે ...

સૂત્ર ગ્રંથોના વિશાળ કદ.

ઉપદેશમાળા ગ્રંથ વૈરાગ્યનો અદ્‌ભુત ગ્રંથ છે. પૂ. ગુરુદેવ શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. ઉપદેશમાળા કંઠસ્થ કરવાની ખાસ પ્રેરણા કરતાં. પરંતુ તેની ૫૪૪ ગાથાનો આંકડો જોઈને જ હિંમત બહુ ઓછી થાય. તેથી સંપૂર્ણ ગ્રંથ ગોખવાનો જેમને ઉત્સાહ ન હોય તેમને ચૂંટેલી ગાથાઓ ગોખવા કહેતાં.

જૈન સાહિત્યમાં સારોદ્ધારની પણ એક સુંદર પરંપરા જોવા મળે છે. સંક્ષેપરુચિવાળા જીવો વિશાળકાય ગ્રંથના અર્કને સારોદ્ધાર દ્વારા પ્રાપ્ત કરીને પચાવી શકે. સારોદ્ધારની પરંપરાને નજર સામે રાખીને વિદ્વદ્વર્ય,

પ્રખર શાસ્ત્રાભ્યાસી અને અધ્યાપનકુશલ મુનિપ્રવર શ્રી ભવ્યસુંદરવિજય મ. સા.એ ગ્રંથો કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ જોર પકડે તે ઉમદા ભાવનાથી વિશેષરૂપે કંઠસ્થ કરવા લાયક અનેક ગ્રંથોની ચૂંટેલી ગાથાઓ સંગ્રહિત કરી છે, જે પુસ્તિકારૂપે પ્રકાશિત થઈ રહી છે.

તેમની પાસે પસંદગીનો વિવેક ખૂબ સારો છે. ચોટદાર અને વિશેષ ઉપયોગી ગાથાઓને તેમણે ચૂંટી કાઢી છે. તે માટે તેમણે કેવો ભવ્ય અને સુંદર પરિશ્રમ ઉઠાવ્યો હશે, તે સમજી શકાય છે.

મને અત્યંત વિશ્વાસ છે કે તેમનો આ ભવ્ય-સુંદર પરિશ્રમ લેખે લાગશે. આ નાની-નમણી પુસ્તિકાઓના માધ્યમથી ચતુર્વિધ સંઘમાં ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રવૃત્તિ ખૂબ વેગ પકડશે. હવે ચારેય બાજુ ગાથાઓના ઘોષ ગૂંજી ઉઠશે.

મુનિશ્રીને હાર્દિક ધન્યવાદ.

- મુક્તિવલ્લભસૂરિ

શ્રાવણ સુદ ૧, ૨૦૭૨

સાબરમતી.

## સંપાદકીય

જિનશાસનના શ્રુતજ્ઞાનરૂપી સાગરમાં અગણિત ગ્રંથરત્નો છે, જે વૈરાગ્યાદિ ભાવોથી ઝળકી રહ્યા છે..

પંચમ કાળના પ્રભાવે સ્મૃતિશક્તિ ઘટતી જવાને કારણે વર્તમાનકાલીન શ્રમણો આ ગ્રંથોને કંઠસ્થ કરી શકતા નથી કે કંઠસ્થ કર્યા પછી યાદ રાખી શકતા નથી, કારણ કે ગ્રંથો વિશાળ છે.

આવા અદ્ભુત ગ્રંથોના અદ્ભુત ભાવોથી અલ્પ ક્ષયોપશમવાળા શ્રમણો સર્વથા વંચિત ન રહે તે માટે, આ ગ્રંથોની વિશિષ્ટ વૈરાગ્યાદિ-સભર ગાથાઓને પસંદ કરીને તેનું અર્થસહિત પ્રકાશન થઈ રહ્યું છે..

પૂર્વકાલીન મહાપુરુષોએ પણ આવા પ્રયત્નો કર્યા જ છે. જેમ કે ઉપમિતિ સારોદ્ધાર (દેવેન્દ્રસૂરિજી), ઉપમિતિ સાર સમુચ્ચય (વર્ધમાનસૂરિજી), કુવલયમાલા સંક્ષેપ (રત્નપ્રભસૂરિજી), ત્રિષષ્ટિ સારોદ્ધાર (શુભંકરસૂરિજી), લઘુ પ્રવચન સારોદ્ધાર (ચંદ્રર્ષિ), સમરાદિત્ય સંક્ષેપ (પ્રદ્યુમ્નસૂરિજી), લઘુ ત્રિષષ્ટિ (મેઘવિજયજી), હૈમ લઘુ પ્રક્રિયા (મહો. વિનયવિજયજી) વગેરે...

જેમ સંક્ષિપ્ત તે ગ્રંથોથી મૂળ વિસ્તૃત ગ્રંથોનું મહત્ત્વ ઘટ્યું નથી કે લોપ થયો નથી; તેમ આ સંક્ષિપ્ત પ્રકાશનથી મૂળ ગ્રંથોના લોપ થવાની કે મહત્ત્વ ઘટવાની સંભાવના રહેતી નથી.

જોકે વિશિષ્ટ ક્ષયોપશમવાળા શ્રમણ ભગવંતો તો સંપૂર્ણ મૂળ ગ્રંથો ભણે જ, તેવી મારી ખાસ ભલામણ છે..

ગાથાઓની પસંદગીમાં વૈરાગ્યાદિ-જનનશક્તિ ઉપરાંત વિવિધતા, ગોખવાની સરળતા, અર્થની સુબોધતા વગેરે નજરમાં રાખ્યા છે.

મૂળગ્રંથગત ક્રમને પ્રધાન ન કરતાં, સરખા વિષયવાળી ગાથાઓ એકસાથે આવે તે રીતે ક્રમ લીધો છે.

મૂળ ગ્રંથનો ગાથાક્રમ, દરેક ગાથાની પૂર્વે લખેલો છે. ગાથાના અંતે ક્રમિક ક્રમ આપેલો છે. ગોખવાની સરળતા તથા સુબોધતા માટે ક્યાંક સંધિનો વિગ્રહ કર્યો છે.

સંપૂર્ણ ગ્રંથ કંઠસ્થ નહીં કરી શકનારા શ્રમણ શ્રમણી ભગવંતો આ ગ્રંથોને કંઠસ્થ કરે, રાખે, તેના અર્થ સહિત પરાવર્તન દ્વારા આત્માને વૈરાગ્યાદિ ભાવોથી ભાવિત કરીને શીઘ્ર મુક્તિગામી બને એ જ આ પ્રકાશનનો ઉદ્દેશ્ય છે..

સંપાદન-અર્થસંકલનમાં કોઈ ક્ષતિ રહી હોય તો જણાવવા બહુશ્રુત ગીતાર્થોને વિનંતી છે.

ગ્રંથમાં જિનાજ્ઞા વિરુદ્ધ / ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઈપણ પ્રતિપાદન થયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

દ.

ભવ્યસુંદરવિ.

વિ. સં. ૨૦૭૨, શ્રા. સુ. ૧૦,

મહાવીરનગર, હિંમતનગર.

## શ્રુત - રત્ન - નિધિ ગ્રંથમાળા

| પુષ્પ | ગ્રંથો |
|---|---|
| ૧. | વૈરાગ્યશતકાદિ, કુલકો ભાગ-૧, કુલકો ભાગ-૨ |
| ૨. | ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના |
| ૩. | પ્રકરણાદિ, પ્રવચન સારોદ્ધાર, પિંડવિશુદ્ધિ |
| ૪. | આવશ્યકનિર્યુક્તિઆદિ, પંચવસ્તુક, યતિદિનકૃત્ય |
| ૫. | સંબોધ પ્રકરણ, સંબોધસિત્તરિ-પંચસૂત્ર |
| ૬. | શાંત સુધારસ, પ્રશમરતિ, અધ્યાત્મકલ્પદ્રુમ |
| ૭. | જ્ઞાનસાર, અધ્યાત્મસાર, અધ્યાત્મ ઉપનિષદ્ આદિ |
| ૮. | ષોડશક આદિ, યોગબિંદુ આદિ, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| ૯. | વીતરાગ સ્તોત્ર, સ્તુતિસંગ્રહ |
| ૧૦. | યોગશાસ્ત્ર, યોગસાર આદિ, યતિલક્ષણસમુચ્ચય આદિ |

## ઋણ સ્વીકાર

૧. મૂળ ગ્રંથોના કર્તા - જ્ઞાની પૂર્વ મહર્ષિઓ

૨. આશીર્વાદ - પ્રેરણા - પ્રોત્સાહન - માર્ગદર્શન આપનારા
સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ. સા.
ભવોદધિતારક ગુરુદેવ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી** મ. સા.
તાર્કિક શિરોમણિ પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મ. સા.

૩. સુંદર પ્રસ્તાવના દ્વારા પ્રકાશનને અલંકૃત કરનાર
શાસન પ્રભાવક પ. પૂ. આ. ભ.
શ્રી વિજય **મુક્તિવલ્લભસૂરીશ્વરજી** મ. સા.

૪. ગાથાઓની પસંદગી અને સંપાદનકાર્યમાં સહાય કરનાર
પ. પૂ. મુનિ શ્રી **મૃદુસુંદરવિ.** મ. સા.
પ. પૂ. મુનિ શ્રી **નિર્મળસુંદરવિ.** મ. સા.

૫. ઝીણવટપૂર્વક અર્થનું સંશોધન અને પ્રુફરીડિંગ કરનારા
દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય **ગુણરત્નસૂરીશ્વરજી** **મ. સા.**ના પ્રશિષ્યો
પૂ. મુ. શ્રી **ત્રિભુવનરત્નવિ.** મ. સા.
પૂ. મુ. શ્રી **હિતાર્થરત્નવિ.** મ. સા.

૬. જે પ્રકાશનોમાંથી મૂળપાઠ અને ક્યાંક અર્થો પણ લીધા છે, તે પ્રકાશકો અને તેના સંપાદકો

આ બધાની કૃપા - પ્રેરણા - સહાયતાના ફળસ્વરૂપે આ કાર્ય સંભવિત બન્યું છે, તે સહુનો હું અત્યંત ઋણી છું.

મુ. ભવ્યસુંદરવિ.

## સંપૂર્ણ ગ્રંથમાળાના પ્રકાશનનો લાભ

૧. શ્રી મહેસાણા ઉપનગર જૈન સંઘ, મહેસાણા.

૨. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર જૈન મંદિર, માલવીયનગર, જયપુર.

૩. શ્રી જવાહરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ગોરેગામ (વેસ્ટ), મુંબઈ.

૪. શ્રી દહાણુકરવાડી મહાવીરનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ.

૫. શ્રી શાંતિનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, મીરાં રોડ, જિ. થાણા.

૬. શ્રી નવજીવન શ્વે. મૂ. જૈન સંઘ, નવજીવન સોસાયટી, મુંબઈ.

૭. શ્રી મુલુંડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, ઝવેર રોડની શ્રાવિકા બહેનો, મુલુંડ (વેસ્ટ), મુંબઈ.

એ જ્ઞાનનિધિમાંથી લીધો છે.
તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

\- પ્રકાશક

આ ગ્રંથનું પ્રકાશન જ્ઞાનદ્રવ્યમાંથી થયું હોવાથી ગૃહસ્થે રૂા. ૩૦/-
જ્ઞાનખાતે ચૂકવ્યા વિના માલિકી કરવી નહીં.

# ઉપદેશમાળા

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

ધર્મદાસગણિ મહારાજા

| | | |
|---|---|---|
| ગ્રંથ | : | ઉપદેશમાળા સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : | ઉપદેશમાળા |
| **આધારગ્રંથકર્તા** | : | ધર્મદાસગણિ મહારાજા |
| **અર્થસંકલન** | : | પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : | દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : | પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : | વૈરાગ્ય, સાધ્વાચાર |

१ नमिऊण जिणवरिंदे, इंदनरिंदच्चिए तिलोयगुरु ।
उवएसमालमिणमो, वुच्छामि गुरुवएसेणं ॥१॥

ઈન્દ્રો-નરેન્દ્રોથી પૂજાયેલા અને ત્રણ લોકના ગુરુ એવા જિનેશ્વરોને નમસ્કાર કરીને ગુરુના ઉપદેશને અનુસરીને આ ઉપદેશમાળા કહીશ.

~~ પરિષહજય ~~

४ जइ ता तिलोगनाहो, विसहइ बहुयाइं असरिसजणस्स ।
इय जीयंतकराइं, एस खमा सव्वसाहूणं ॥२॥

જો ત્રણ લોકના નાથ પણ ફાલતુ માણસોએ કરેલા મરણાંત ઉપસર્ગોને સહન કરતા હોય, તો બધા સાધુઓએ એવી ક્ષમા રાખવી જોઈએ.

९५ जो चंदणेण बाहुं, आलिंपइ वासिणा वि तच्छेइ ।
संथुणइ जो अ निंदइ, महरिसिणो तत्थ समभावा ॥३॥

કોઈ હાથને ચંદનથી વિલેપન કરે, કોઈ તલવારથી છોલે; કોઈ પ્રશંસા કરે - કોઈ નિંદા કરે; મહર્ષિઓ બધા પર સમભાવવાળા હોય છે.

४२ जंतेहिं पीलिया वि हु, खंदगसीसा न चेव परिकुविया ।
विइयपरमत्थसारा, खमंति जे पंडिया हुंति ॥४॥

ઘાણીમાં પીલાવા છતાં ખંધકસૂરિના શિષ્યો ગુસ્સે ન થયા. જે પરમાર્થના જાણકાર જ્ઞાની છે, તે ક્ષમા જ રાખે છે.

९१ सीसावेढेण सिरंमि,
वेढिए निग्गयाणि अच्छीणि ।
मेयज्जस्स भगवओ,
न य सो मणसा वि परिकुविओ ॥५॥

વાધરથી મસ્તક વીંટાવાથી મેતાર્ય મુનિની આંખો નીકળી ગઈ, પણ તેઓએ મનથી પણ ગુસ્સો ન કર્યો.

१७४ देहो पिवीलियाहिं, चिलाइपुत्तस्स चालणी व्व कओ ।
तणुओ वि मणपओसो, न चालिओ तेण ताणुवरिं ॥६॥

ચિલાતીપુત્રનું શરીર કીડીઓએ ચાલણી કરી નાંખ્યું, પણ તેમણે કીડીઓ પર મનથી પણ લેશ પણ દ્વેષ ન કર્યો.

१३६ अक्कोसणतज्जणताडणाओ,
अवमाणहीलणाओ य ।
मुणिणो मुणियपरभवा,
दढपहारि व्व विसहंति ॥७॥

પરલોકને જાણનારા મુનિઓ આક્રોશ, તર્જના, માર, અપમાન, નિંદાને દૃઢપ્રહારીની જેમ સહન કરે છે.

८९ उच्छूढसरीरघरा, अन्नो जीवो सरीरमन्नं ति ।
धम्मस्स कारणे सुविहिया, सरीरं पि छड्डुंति ॥८॥

જીવ જુદો છે - શરીર જુદું છે એમ માનીને શરીર પરની મમતાને તજી દેનારા સુવિહિત સાધુઓ ધર્મ માટે શરીર પણ તજી દે છે.

૪૪૫ अवि इच्छंति अ मरणं,
न य परपीडं करंति मणसा वि ।
जे सुविइयसुगइपहा,
सोयरियसुओ जहा सुलसो ॥९॥

સદ્‌ગતિના માર્ગને જાણનારા, કસાઈના પુત્ર સુલસની જેમ, મોત સ્વીકારી લે પણ મનથી પણ બીજાને પીડા કરવાનું ન ઇચ્છે.

૪૧ साहू कंतारमहाभएसु, अवि जणवए वि मुइअंमि ।
अवि ते सरीरपीडं, सहंति न लयंति य विरुद्धं ॥१०॥

સાધુ ભયાનક જંગલમાં હોય કે સુખી નગરજનો વચ્ચે હોય; શરીરની પીડા સહન કરી લે, પણ આજ્ઞાવિરુદ્ધ કશું લે નહીં.

૩૯ पुप्फियफलिए तह पिउघरंमि, तण्हा छुहा समणुबद्धा ।
ढंढेण तहा विसढा, विसढा जह सफलया जाया ॥११॥

પિતાનું ઘર ફળ-ફૂલથી ભરપૂર હોવા છતાં ઉદયમાં આવેલ ભૂખ-તરસને ઢંઢણકુમારે તે રીતે સહન કરી કે તે સહન કરવાનું સફળ થયું..

३४६ मा कुणउ जइ तिगिच्छं,
अहियासेऊण जइ तरइ सम्मं ।
अहियासिंतस्स पुणो,
जइ से जोगा न हायंति ॥१२॥

જો રોગ સમાધિપૂર્વક સહન થતો હોય અને તેમાં સંયમયોગો સીદાતા ન હોય તો સાધુ રોગની ચિકિત્સા ન કરે.

१३८ दुज्जणमुहकोदंडा, वयणसरा पुव्वकम्मनिम्माया ।
साहूण ते न लग्गा, खंतिफलयं वहंताणं ॥१३॥

પૂર્વ કર્મના ઉદયથી દુર્જનોના મુખરૂપી ધનુષ્યમાંથી નીકળેલા કઠોર વચનરૂપી બાણો ક્ષમારૂપી બખ્તરને ધારણ કરનારા સાધુઓને લાગતાં જ નથી.

१३९ पत्थरेणाहओ कीवो, पत्थरं डक्कुमिच्छइ ।
मिगारिओ सरं पप्प, सरुप्पत्तिं विमग्गइ ॥१४॥

પથ્થર લાગવાથી કૂતરો પથ્થરને બટકું ભરે, બાણ લાગે તો સિંહ બાણ ક્યાંથી આવ્યું ? તે જુએ...

१४० तह पुव्विं किं न कयं ?,
न बाहए जेण मे समत्थो वि ।
इण्हिं किं कस्स व कुप्पिमु ?
त्ति धीरा अणुप्पिच्छा ॥१५॥

તે રીતે ધીરપુરુષો "પૂર્વે મેં તેવું પુણ્ય કેમ ન કર્યું કે જેથી શક્તિશાળી પણ મને હેરાન ન કરે ? હવે શા માટે અને કોના પર ગુસ્સો કરું ?" એમ વિચારીને શાંત રહે.

१३४ फरुसवयणेण दिणतवं,
अहिक्खिवंतो अ हणइ मासतवं ।
वरिसतवं सवमाणो,
हणइ हणंतो अ सामण्णं ॥१६॥

કઠોર વચનથી એક દિવસના, ગાળ આપવાથી એક મહિનાના, શાપ આપવાથી એક વર્ષના તપ-ચારિત્રનો નાશ થાય. મારવાથી સંપૂર્ણ ચારિત્રનો નાશ થાય.

२४ जं जं समयं जीवो, आविसइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समए, सुहासुहं बंधए कम्मं ॥१७॥

જીવ જે સમયે જે ભાવમાં હોય છે, તે સમયે તે ભાવ પ્રમાણે શુભાશુભ કર્મ બાંધે છે.

१५ वरिससयदिक्खियाए, अज्जाए अज्जदिक्खिओ साहू ।
अभिगमणवंदणनमंसणेण, विणएण सो पुज्जो ॥१८॥

સો વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધ્વી માટે પણ આજનો દીક્ષિત સાધુ સન્મુખગમન - વંદન - નમસ્કાર વગેરે વિનય વડે પૂજ્ય છે.

~~ ગુરુબહુમાન ~~

६ भद्दो विणीअविणओ, पढमगणहरो समत्तसुअनाणी ।
जाणंतो वि तमत्थं, विम्हियहियओ सुणइ सव्वं ॥१९॥

પ્રથમ ગણધર, સંપૂર્ણ શ્રુતજ્ઞાની પણ ભદ્રિક અને વિનયી એવા ગૌતમસ્વામી, પ્રભુએ કહેલ અર્થને જાણવા છતાં વિસ્મિત હૃદયથી સાંભળે છે.

૭ जं आणवेइ राया, पगइओ तं सिरेण इच्छंति ।
इय गुरुजणमुहभणियं, कयंजलिउडेहिं सोयव्वं ॥२०॥

રાજા જે આજ્ઞા કરે, તેને પ્રજા માથે ચડાવે; તેમ ગુરુના મુખે કહેવાયેલું હાથ જોડીને સાંભળવું.

९६ जो गिण्हइ गुरुवयणं, भण्णंतं भावओ विसुद्धमणो ।
ओसहमिव पिज्जंतं, तं तस्स सुहावहं होइ ॥२१॥

જે કહેવાતા ગુરુવચનને ભાવથી-વિશુદ્ધ મનથી સ્વીકારે, તેને તે વચન પીવાતી દવાની જેમ સુખકારી થાય છે.

९३ सिंहगिरिसुसीसाणं, भद्दं गुरुवयणसद्दहंताणं ।
वयरो किर दाही वायण त्ति, न विकोविअं वयणं ॥२२॥

ગુરુવચન પર શ્રદ્ધા કરનારા સિંહગિરિના શિષ્યોનું કલ્યાણ થાઓ કે જેમણે ગુરુએ "(બાળ) વજ્ર વાચના આપશે" એમ કહેવા પર મોઢું બગાડ્યું નહીં અથવા કોઈ કુવિકલ્પ કર્યો નહીં.

૩૪ पडिवज्जिऊण दोसे, नियए सम्मं च पायपडियाए ।
तो किर मिगावईए, उप्पन्नं केवलं नाणं ॥२३॥

પોતાના દોષ સ્વીકારીને, સારી રીતે ગુરુણીના પગમાં પડ્યા તો મૃગાવતીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

૯૪ मिण गोणसंगुलीहिं, गणेहि वा दंतचक्कलाइं से ।
इच्छं ति भाणिऊणं, कज्जं तु त एव जाणंति ॥२४॥

"સાપને આંગળીથી માપ" કે "તેના દાંત ગણ" એમ ગુરુ કહે તો પણ "હા જી" કહીને તેમ કરવું. તેમ કરવા પાછળનું કારણ, ગુરુ જ જાણે છે.

૯૫ कारणविऊ कयाई, सेयं कायं ति वयंति आयरिया ।
तं तह सद्दहिअव्वं, भविअव्वं कारणेण तहिं ॥२५॥

કારણને જાણનારા ગુરુ કદાચ 'કાગડો સફેદ છે' એમ કહે તો પણ માની લેવું, તેમ કહેવાનું કોઈ કારણ હશે જ.

૬૧ जो कुणइ अप्पमाणं, गुरुवयणं न य लहेइ उवएसं ।
सो पच्छा तह सोअइ, उवकोसघरे जह तवस्सी ॥२६॥

જે ગુરુના વચનને સ્વીકારે નહીં, ઉપદેશ માને નહીં, તે ઉપકોશાના ઘરે ગયેલા સિંહગુફાવાસી મુનિની જેમ પાછળથી પસ્તાય છે.

૭૬ रुसइ चोइज्जंतो, वहइ य हियएण अणुसयं भणिओ ।
न य कम्हि करणिज्जे, गुरुस्स आलो न सो सीसो ॥२७॥

ઠપકો આપવા પર ગુસ્સો કરે, કહેવા પર મનમાં દ્વેષ રાખે, ગુરુના કાર્ય કરે નહીં; તે શિષ્ય નથી, પણ ભારરૂપ છે.

૨૬ नियगमइविगप्पियचिंतिएण, सच्छंदबुद्धिचरिएण ।
कत्तो पारत्तहियं, कीरइ गुरुअणुवएसेण ? ॥२८॥

ગુરુના ઉપદેશ વિના સ્વમતિવિકલ્પથી વિચારેલા અને સ્વચ્છંદમતિથી આચરેલાથી પરલોકનું હિત કઈ રીતે થાય ?

૭૫ जस्स गुरुंमि न भत्ती,
न य बहुमाणो न गउरवं न भयं ।
न वि लज्जा न वि नेहो,
गुरुकुलवासेण किं तस्स ? ॥२९॥

જેને ગુરુ પર ભક્તિ નથી, બહુમાન નથી, પૂજ્યભાવ નથી, ગુરુનો ડર નથી, શરમ નથી, ગુરુ પર સ્નેહ નથી; તેના ગુરુકુલવાસનો શો અર્થ ?

૧૩૦ माणी गुरुपडिणीओ, अणत्थभरिओ अमग्गचारी अ ।
मोहं किलेसजालं, सो खाइ जहेव गोसालो ॥३०॥

અભિમાની, ગુરુનો વિરોધી, અનર્થકારી, ઉન્માર્ગે ચાલનારો શિષ્ય ગોશાળાની જેમ ફોગટ કષ્ટો સહન કરે છે. (તે જે ચારિત્રના કષ્ટ સહન કરે છે, તે વ્યર્થ છે.)

૨૪૭ सीइज्ज कयाइ गुरु, तं पि सुसीसा सुनिउणमहुरेहिं ।
मग्गे ठवंति पुणरवि, जह सेलग-पंथगो नायं ॥३१॥

ક્યારેક ગુરુ સંયમમાં સીદાય, તો તેમને પણ સુશિષ્યો કુશળ-મધુર વચનોથી માર્ગસ્થ કરે, જેમ કે શેલકના શિષ્ય પંથકે કર્યું.

૨૬૮ सयलंमि वि जीवलोए, तेण इहं घोसिओ अमाघाओ ।
इक्कं पि जो दुहत्तं, सत्तं बोहेइ जिणवयणे ॥३२॥

એક પણ દુઃખત્રસ્ત જીવને જે જિનવાણી પમાડે, તેણે આ આખા જીવલોકમાં અમારિની ઘોષણા કરી ગણાય.

૨૬૯ सम्मत्तदायगाणं दुप्पडिआरं, भवेसु बहुएसु ।
सव्वगुणमेलियाहि वि, उवयारसहस्सकोडीहिं ॥३३॥

ઘણા ભવોમાં હજારો-ક્રોડો વાર સર્વ રીતે ઉપકાર કરવા છતાં સમ્યક્ત્વદાતા ગુરુનો પ્રત્યુપકાર થઈ શકતો નથી. (તેમણે કરેલા ઉપકારનો બદલો વાળી શકાતો નથી.)

૨૬૫ सुग्गइमग्गपईवं, नाणं दिंतस्स हुज्ज किमदेयं ? ।
जह तं पुलिंदएणं, दिन्नं सिवगस्स नियगच्छिं ॥३४॥

સદ્‌ગતિના માર્ગમાં દીપક સમાન જ્ઞાન આપનારને બદલામાં શું ન અપાય ? (બધું જ અપાય). જેમ ભીલે શંકરને પોતાની આંખ આપી દીધી.

२६६ सिंहासणे निसण्णं,
सोवागं सेणिओ नरवरिंदो ।
विज्जं मग्गइ पयओ,
इअ साहुजणस्स सुयविणओ ॥३५॥

ચંડાળને સિંહાસન પર બેસાડીને શ્રેણિક રાજાએ આદરપૂર્વક વિદ્યા માગી. સાધુનો શ્રુતજ્ઞાન માટે એવો વિનય હોય.

२६७ विज्जाए कासवसंतिआए, दगसूअरो सिरिं पत्तो ।
पडिओ मुसं वयंतो, सुअनिण्हवणा इअ अपत्था ॥३६॥

હજામ પાસેથી મળેલી (આકાશગામિની) વિદ્યાથી ત્રિદંડી ઋદ્ધિ પામ્યો, પણ (ગુરુનું નામ) ખોટું બોલવાથી નીચે પડ્યો. ગુરુનું નિહ્નવણ આ રીતે અહિતકર છે.

३४१ विणओ सासणे मूलं,
विणीओ संजओ भवे ।
विणयाओ विप्पमुक्कस्स,
कओ धम्मो ? कओ तवो ? ॥३७॥

જિનશાસનનું મૂળ વિનય છે. વિનીત જ સંયમી થાય. જેનામાં વિનય નથી, તેનામાં ધર્મ કે તપ ક્યાંથી હોય ?

३७६ गीअत्थं संविग्गं,
आयरिअं मुअइ वलइ गच्छस्स ।
गुरुणो य अणापुच्छा,
जं किंचि वि देइ गिण्हइ वा ॥३८॥

જે સાધુ ગીતાર્થ-સંવિગ્ન ગુરુને છોડે, ગચ્છનો વિરોધી થાય, ગુરુને પૂછ્યા વગર કાંઈપણ આપે કે લે...

३७७ गुरुपरिभोगं भुंजइ,
सिज्जासंथारउवगरणजायं ।
किं ति तुमं ति भासइ,
अविणीओ गव्विओ लुद्धो ॥३९॥

અવિનયી, અભિમાની, લુબ્ધ એવો જે શિષ્ય ગુરુની જગ્યા, સંથારો કે ઉપધિ વાપરે.. 'શું છે ?' કે 'તું / તમે' કહે. ('આપ' એમ બહુમાનથી બોલાવવાના બદલે અનાદરથી બોલાવે.)

३७८ गुरुपच्चक्खाणगिलाण-सेहबालाउलस्स गच्छस्स ।
न करेइ नेव पुच्छइ, निद्धम्मो लिंगमुवजीवी ॥४०॥

ગુરુ, તપસ્વી, ગ્લાન, નૂતન દીક્ષિત અને બાળથી ભરેલા ગચ્છની સેવા ન કરે, પૂછે નહીં; તે સાધુ ધર્મરહિત, માત્ર વેશધારી છે.

३९८ जं जयइ अगीअत्थो, जं च अगीयत्थनिस्सिओ जयइ ।
वट्टावेइ य गच्छं, अणंतसंसारिओ होइ ॥४१॥

અગીતાર્થ જે કંઈ આચરણ કરે કે અગીતાર્થની નિશ્રામાં રહેલ જે કંઈ આચરણ કરે, ગચ્છ ચલાવે, તેનાથી અનંતસંસારી થાય.

१५७ कत्तो सुत्तत्थागम-पडिपुच्छणचोयणा य इक्कस्स ।
विणओ वेयावच्चं, आराहणया य मरणंते ? ॥४२॥

(ગચ્છત્યાગી) એકલાને સૂત્રાર્થની પ્રાપ્તિ, શંકાની પૃચ્છના, ચોયણા, વિનય, વૈયાવચ્ચ અને મરણ સમયે આરાધના ક્યાંથી થાય ?

१५८ पिल्लिज्जेसणमिक्को, पइन्नपमयाजणाउ निच्चभयं ।
काउमणो वि अकज्जं, न तरइ काऊण बहुमज्झे ॥४३॥

(ગચ્છત્યાગી) એકલો ગોચરીના દોષો સેવે, સ્ત્રીનો સદા ભય રહે. (ગચ્છમાં રહે તો) અકાર્યને કરવા ઈચ્છતો પણ ઘણાંની વચ્ચે હોવાથી કરી ન શકે.

७२ सुट्ठु वि उज्जममाणं, पंचेव करिंति रित्तयं समणं ।
अप्पथुई परनिंदा, जिब्भोवत्था कसाया य ॥४४॥

સારા સંયમી સાધુને પણ પાંચ વસ્તુ ગુણશૂન્ય કરે છે. આત્મપ્રશંસા, પરનિંદા, રસના, મૈથુન અને કષાયો.

७३ परपरिवायमईओ, दूसई वयणेहिं जेहिं परं ।
ते ते पावइ दोसे, परपरिवाई इय अपिच्छो ॥४५॥

બીજાની નિંદા કરનાર, જે દોષો બીજાને આપે છે તે જ દોષો પોતે પામે છે. એટલે પરનિંદક જોવાલાયક પણ નથી.

૭૧ जइ ता जणसंववहार-वज्जियमकज्जमायरइ अन्नो ।
जो तं पुणो विकत्थइ, परस्स वसणेण सो दुहिओ ॥४६॥

કોઈ બીજી વ્યક્તિ લોકવ્યવહારથી વિરુદ્ધ એવું અકાર્ય કરે, તેની જે નિંદા કરે, તે તો બીજાના દુઃખે દુઃખી થાય છે.

૬૮ अइसुट्ठिओ त्ति गुणसमुइओ त्ति, जो न सहइ जइपसंसं ।
सो परिहाइ परभवे, जहा महापीढ-पीढरिसी ॥४७॥

"અતિસુંદર છે - ગુણવાન્ છે" આવી સાધુની પ્રશંસા જે સહન ન કરે, તે પીઠ-મહાપીઠની જેમ પરભવમાં હીનપણું પામે છે.

૪૧૪ अप्पागमो किलिस्सइ,
जइ वि करेइ अइदुक्करं तु तवं ।
सुंदरबुद्धीइ कयं,
बहुयं पि न सुंदरं होइ ॥४८॥

અલ્પજ્ઞાની, સુદુષ્કર તપ કરે તો પણ માત્ર કાયકષ્ટ છે. સારું હોવાની બુદ્ધિથી કરાયેલી ઘણી આચરણા વાસ્તવમાં સારી નથી હોતી.

૪૧૫ अपरिच्छियसुयनिहसस्स, केवलमभिन्नसुत्तचारिस्स ।
सव्वुज्जमेण वि कयं, अन्नाणतवे बहुं पडइ ॥४९॥

શાસ્ત્રના રહસ્યને નહીં જાણનાર અને માત્ર સૂત્રાનુસારે આચરણ કરનાર પૂરા પ્રયત્નથી ચારિત્રપાલન કરે તો પણ મોટે ભાગે અજ્ઞાનતપ સ્વરૂપ બને છે.

४२४ नाणाहियस्स नाणं,
पुज्जइ नाणा पवत्तए चरणं ।
जस्स पुण दुण्ह इक्कं पि,
नत्थि तस्स पुज्जए काइं ? ॥५०॥

જ્ઞાનાધિકનું જ્ઞાન પૂજાય છે, જ્ઞાનથી જ ચારિત્ર શક્ય છે. જેને બેમાંથી એકે નથી, તેનું શું પૂજાય ?

३४८ हीणस्स वि सुद्धपरूवगस्स, नाणाहियस्स कायव्वं ।
जणचित्तग्गहणत्थं, करिंति लिंगावसेसे वि ॥५१॥

આચારમાં હીન છતાં જ્ઞાનમાં અધિક એવા શુદ્ધ પ્રરૂપકની સેવા કરવી. અને લોકમાં નિંદા ન થાય તે માટે તો માત્ર વેશધારીની પણ કરવી.

~~ પાંચસમિતિ ~~

२९६ जुगमित्तंतरदिट्ठी, पयं पयं चक्खुणा विसोहिंतो ।
अव्वक्खित्ताउत्तो, इरियासमिओ मुणी होई ॥५२॥

'યુગ' (ગાડાની ધૂંસરી) જેટલું જોતો, દરેક પગલે આંખોથી જીવોને શોધતો, બીજા વિચારના વ્યાક્ષેપ વિનાનો અને ઉપયોગવંત મુનિ ઈર્યાસમિતિયુક્ત છે.

૨૯૭ कज्जे भासइ भासं,
अणवज्जमकारणे न भासइ य ।
विगहविसुत्तियपरिवज्जिओ अ,
जई भासणासमिओ ॥५३॥

કાર્ય હોય ત્યારે જ બોલે, નિષ્કારણ અને સાવદ્ય ન બોલે, તેવો વિકથા - વિસ્રોતસિકા (દુર્ધ્યાન) રહિત સાધુ ભાષા-સમિતિથી યુક્ત છે.

૨૯૮ बायालमेसणाओ, भोयणदोसे य पंच सोहेइ ।
सो एसणाइ समिओ, आजीवी अन्नहा होइ ॥५४॥

એષણાના બેંતાલીશ અને ભોજનના પાંચ દોષો ત્યાગે, તે એષણાસમિતિયુક્ત છે, અન્યથા માત્ર વેશધારી છે.

૨૯૯ पुव्विं चक्खुपरिक्खिय,
पमज्जिउं जो ठवेइ गिण्हइ वा ।
आयाणभंडमत्तनिक्खेवणाइ-
समिओ मुणी होइ ॥५५॥

પહેલાં આંખથી જોઈને, પછી પૂંજીને જે લે અથવા મૂકે, તે સાધુ આદાનભંડમત્તનિક્ષેપણાસમિતિથી યુક્ત છે.

૩૦૦ उच्चारपासवणखेले, जल्लसिंघाणए य पाणविही ।
सुविवेइए पएसे, निसिरंतो होइ तस्समिओ ॥५६॥

મળ-મૂત્ર-કફ-મેલ-નાકનો મેલ-ત્રસ જીવો વગેરેને સારી રીતે જોયેલ ભૂમિમાં તજે તે પારિષ્ઠાપનિકાસમિતિયુક્ત છે.

૪૮૪ हत्थे पाए न खिवे, कायं चालिज्ज तं पि कज्जेणं ।
कुम्मो व्व सए अंगे, अंगोवंगाइं गोविज्जा ॥५७॥

હાથ-પગ હલાવવા નહીં, શરીરને કામ હોય તો જ હલાવવું, કાચબાની જેમ પોતાના અંગોપાંગો શરીરની અંદર જ (સંકોચીને) રાખવા.

૮૦ महुरं निउणं थोवं, कज्जावडियं अगव्वियमतुच्छं ।
पुव्वि मइसंकलियं, भणंति जं धम्मसंजुत्तं ॥५८॥

સાધુ મધુર, નિપુણ, થોડું, કાર્ય હોય ત્યારે જ, અભિમાન રહિત, ગંભીર, પહેલાં વિચાર કરીને ધર્મયુક્ત જે હોય તે જ બોલે.

૪૮૫ विकहं विणोयभासं, अंतरभासं अवक्कभासं च ।
जं जस्स अणिट्ठमपुच्छिओ य, भासं न भासिज्जा ॥५९॥

વિકથા યુક્ત, મશ્કરી યુક્ત, (બીજાની વાતમાં) વચ્ચે, અવચનીય વાક્ય, જેને જે અનિષ્ટ હોય તે અને પૂછ્યા વિના - ન બોલવું.

૨૦ किं परजणबहुजाणावणाहिं ?, वरमप्पसक्खियं सुकयं ।
इह भरहचक्कवट्टी, पसन्नचंदो य दिट्ठंता ॥६०॥

(સુકૃત) ઘણાં લોકોને જણાવવાથી શું ? આત્મસાક્ષિક સુકૃત જ શ્રેષ્ઠ છે. તેમાં ભરતચક્રવર્તી અને પ્રસન્નચંદ્રરાજર્ષિ દૃષ્ટાંતરૂપ છે.

२५ धम्मो मएण हुंतो, तो नवि सीउण्हवायविज्झडिओ ।
संवच्छरमणसिओ, बाहुबली तह किलिस्संतो ॥६१॥

અભિમાનથી ધર્મ થતો હોત, તો ઠંડી-ગરમી-પવનને સહન કરતાં એક વર્ષ ઉપવાસ કરનાર બાહુબલીને તેટલું કષ્ટ સહન ના કરવું પડત.

~~ બ્રહ્મચર્ય ~~

३३४ इत्थिपसुसंकिलिट्ठं, वसहिं इत्थिकहं च वज्जंतो ।
इत्थिजणसंनिसिज्जं, निरूवणं अंगुवंगाणं ॥६२॥

૧. સ્ત્રી-પશુથી સંસક્ત વસતિ, ૨. સ્ત્રીકથા, ૩. સ્ત્રીના આસન, ૪. સ્ત્રીના અંગોપાંગનું નિરૂપણ વર્જતો...

३३५ पुव्वरयाणुस्सरणं, इत्थिजणविरहभवविलवं च ।
अइबहुअं अइबहुसो, विवज्जयंतो अ आहारं ॥६३॥

૫. પૂર્વક્રીડાનું સ્મરણ, ૬. સ્ત્રીના વિરહનો વિલાપ, ૭. વધારે આહાર, ૮. ઘણી વાર / ઘણાં પ્રકારનો (પ્રણીત) આહારનો ત્યાગ કરતો...

३३६ वज्जंतो अ विभूसं, जइज्ज इह बंभचेरगुत्तीसु ।
साहू तिगुत्तिगुत्तो, निहुओ दंतो पसंतो अ ॥६४॥

અને ૯. વિભૂષાનો ત્યાગ કરતો સાધુ બ્રહ્મચર્યની ગુપ્તિ(વાડ)માં પ્રયત્નશીલ હોય. વળી તે ત્રણ ગુપ્તિયુક્ત, શાંત, જિતેન્દ્રિય અને પ્રશાંત હોય.

૩૩૭ गुज्झोरुवयणकक्खोरुअंतरे, तह थणंतरे दट्ठुं ।
साहरइ तओ दिट्ठिं, न बंधइ दिट्ठिए दिट्ठिं ॥६५॥

(સ્ત્રીના) ગુપ્ત અંગો, સાથળ, મુખ, બગલ અને છાતી કે સ્તન પર નજર પડે તો ખેંચી લે, સ્ત્રીની આંખ સાથે આંખ ન મેળવે.

૨૧૦ सव्वगहाणं पभवो, महागहो सव्वदोसपायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणऽभिभूयं जगं सव्वं ॥६६॥

દુષ્ટ કામનો ઉન્માદ એ સમસ્ત ઉન્માદનું ઉત્પત્તિસ્થાન એવો મહાઉન્માદ અને સર્વ દોષોનો પ્રવર્તક છે, જેણે આખું જગત વશ કર્યું છે.

૨૧૨ जह कच्छुल्लो कच्छुं, कंडुयमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥६७॥

જેમ ખંજવાળનો રોગી, ખંજવાળતી વખતે દુઃખને પણ સુખ માને, તેમ મોહાધીન માણસો કામવાસનાના દુઃખને સુખ માને છે.

૨૧૧ जो सेवइ किं लहइ ?, थामं हारेइ दुब्बलो होइ ।
पावेइ वेमणस्सं, दुक्खाणि य अत्तदोसेणं ॥६८॥

જે મૈથુન સેવે, તે શું મેળવે ? શક્તિ ગુમાવે, દુર્બળ થાય, ઉદ્વેગ પામે અને પોતાના જ દોષથી દુઃખી થાય.

३० कह तं भण्णइ सोक्खं,
सुचिरेण वि जस्स दुक्खमल्लियइ ।
जं च मरणावसाणे,
भवसंसाराणुबंधिं च ? ॥६९॥

લાંબા કાળે પણ જે દુઃખ લાવે, મૃત્યુ સાથે અંત પામે અને સંસારનું પરિભ્રમણ વધારે તેને સુખ કેમ કહેવાય ?

~~ વિષય - વૈરાગ્ય ~~

१९० सुमिणंतराणुभूयं, सुक्खं समइच्छियं जहा नत्थि ।
एवमिमं पि अईयं, सुक्खं सुमिणोवमं होइ ॥७०॥

સ્વપ્નમાં અનુભવેલું સુખ, સ્વપ્ન પૂરું થયા પછી રહેતું નથી. તેમ આ બધા ઈન્દ્રિયોના સુખો પણ પૂરા થયા પછી સ્વપ્ન જેવા જ હોય છે.

२८७ ईसाविसायमयकोह-मायालोभेहिं एवमाईहिं ।
देवा वि समभिभूया, तेसिं कत्तो सुहं नाम ? ॥७१॥

દેવો પણ ઈર્ષ્યા, શોક, મદ, ક્રોધ, માયા, લોભ વગેરેથી દુઃખી છે, તેમને સુખ ક્યાંથી હોય ?

१९९ हिमवंतमलयमंदर–दीवोदहिधरणिसरिसरासीओ ।
अहिअयरो आहारो, छुहिएणाहारिओ होज्जा ॥७२॥

આ જીવે ભૂખના કારણે હિમવંત, મલય, મેરુપર્વત, દ્વીપ, સમુદ્ર અને પૃથ્વીના રાશિ કરતાં પણ અધિક આહાર ખાધો છે.

२०० जं णेण जलं पीयं, घम्मायवजगडिएण तं पि इहं ।
सव्वेसु वि अगडतलाय–नईसमुद्देसु नवि हुज्जा ॥७३॥

ગરમી-તાપથી ત્રસ્ત થયેલા જીવે જેટલું પાણી પીધું, તે બધા કૂવા-તળાવ-નદી-સમુદ્રમાં પણ સમાય નહીં.

२०२ पत्ता य कामभोगा, कालमणंतं इहं सउवभोगा ।
अपुव्वं पिव मन्नइ, तहवि य जीवो मणे सुक्खं ॥७४॥

અનંતકાળ સુધી કામભોગો મેળવ્યા અને ભોગવ્યા છે, તોય જીવ મળેલા સુખને અપૂર્વ-નવું જ માને છે !

२१३ विसयविसं हालाहलं, विसयविसं उक्कडं पियंताणं ।
विसयविसाइन्नं पिव, विसयविसविसूइया होइ ॥७५॥

વિષયો હળાહળ ઝેર છે. ઉત્કૃષ્ટ વિષયો ભોગવનારને ઉત્કૃષ્ટ (તાલપુટ) ઝેર પીધું હોય તેમ અજીર્ણ (દુર્ગતિના દુઃખો) થાય છે.

२९० आसन्नकालभवसिद्धियस्स, जीवस्स लक्खणं इणमो ।
विसयसुहेसु न रज्जइ, सव्वत्थामेसु उज्जमइ ॥७६॥

નિકટ મોક્ષગામી જીવનું આ લક્ષણ છે - વિષયસુખોમાં રાગ ન કરે અને સર્વ ધર્મસ્થાનોમાં ઉદ્યમ કરે.

१६४ सम्मद्दिट्ठी वि कयागमो वि, अइविसयरागसुहवसओ ।
भवसंकडंमि पविसइ, इत्थं तुह सच्चई नायं ॥७७॥

સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની પણ, વિષયસુખની ગાઢ આસક્તિથી સંસારમાં પડે છે. આ વિષયમાં સત્યકીનું દૃષ્ટાંત જાણવું.

१८८ सीलव्वयाइं जो बहुफलाइं, हंतूण सुक्खमहिलसइ ।
धिइदुब्बलो तवस्सी, कोडीए कागिणिं कुणइ ॥७८॥

ઘણા ફળવાળા શીલ-વ્રતને ભાંગીને જે વિષયસુખને ઈચ્છે છે તે નબળા મનવાળો બિચારો ક્રોડની કોડી કરે છે.

११७ जो चयइ उत्तरगुणे, मूलगुणे वि अचिरेण सो चयइ ।
जह जह कुणइ पमायं, पेल्लिज्जइ तह कसाएहिं ॥७९॥

જે સાધુ ઉત્તરગુણને ભાંગે, તે થોડા વખતમાં જ મૂળગુણને પણ ભાંગે. જેમ જેમ પ્રમાદ કરે તેમ તેમ કષાયોથી પરાજિત થતો જાય છે.

८६ न करंति जे तवं संजमं व, ते तुल्लपाणिपायाणं ।
पुरिसा समपुरिसाणं, अवस्स पेसत्तणमुविंति ॥८०॥

જે તપ-સંયમ કરતા નથી, તે અવશ્ય તેમના જેવા જ - હાથ-પગવાળા માણસોના નોકર બને છે.

२१ वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।
किं परियत्तियवेसं, विसं न मारेइ खज्जंतं ? ॥८१॥

અસંયમસ્થાનોમાં વર્તનારનો વેશ કંઈ કામનો નથી. શું વેશ બદલવાથી ખાધેલું ઝેર મારે નહીં ?

२५९ घित्तूण वि सामण्णं, संजमजोगेसु होइ जो सिढिलो ।
पडइ जई वयणिज्जे, सोअइ य गओ कुदेवत्तं ॥८२॥

સાધુપણું લઈને પણ જે સંયમયોગોમાં શિથિલ થાય છે, તે સાધુ નિંદનીય બને છે અને હલકી દેવગતિમાં જઈને શોક કરે છે.

~~ ગારવત્રિક ~~

३२४ पवराइं वत्थपायासणोवगरणाइं एस विभवो मे ।
अवि य महाजणनेया, अहं ति अह इड्ढिगारविओ ॥८३॥

'ઉત્તમ વસ્ત્ર, પાત્ર, આહાર, ઉપકરણ - આ બધો મારો વૈભવ છે. હું મહાજનનો અગ્રણી છું..' આ ઋદ્ધિગારવ છે.

३२५ अरसं विरसं लूहं, जहोववन्नं च निच्छए भुत्तुं ।
निद्धाणि पेसलाणि य, मग्गइ रसगारवे गिद्धो ॥८४॥

રસ વગરનું, બેસ્વાદ, લૂખું - જેવું મળે તેવું વાપરવા ન ઈચ્છે, સ્નિગ્ધ અને સ્વાદિષ્ટ માગે, તે રસગારવમાં ડૂબેલો છે.

३२६ सुस्सुसई सरीरं, सयणासणवाहणापसंगपरो ।
सायागारवगुरुओ, दुक्खस्स न देइ अप्पाणं ॥८५॥

શરીરને સાચવે, સૂવું-બેસવું વગેરે કર્યા કરે, શરીરને દુઃખ ન આપે - તે શાતાગારવથી યુક્ત છે.

४२२ गारवतियपडिबद्धा, संजमकरणुज्जमंमि सीअंता ।
निग्गंतूण गणाओ, हिंडंति पमायरण्णंमि ॥८६॥

ત્રણ ગારવમાં ડૂબેલા, સંયમના આચરણમાં શિથિલ બનેલા ગચ્છમાંથી નીકળીને પ્રમાદરૂપી જંગલમાં રખડે છે.

३३३ सुट्ठु वि जई जयंतो, जाइमयाइसु मज्जई जो उ ।
सो मेअज्जरिसी जहा, हरिएसबलु व्व परिहाइ ॥८७॥

સારી રીતે આચારને પાળતો પણ જે સાધુ જાતિ વગેરેનો મદ કરે, તે મેતાર્યઋષિ કે હરિકેશબળની જેમ હીનજાતિ પામે છે.

१८४ वरं मे अप्पा दंतो, संजमेण तवेण य ।
मा हं परेहिं दम्मंतो, बंधणेहिं वहेहि य ॥८८॥

સંયમ અને તપથી મેં આત્માનો નિગ્રહ કરેલો સારો, જેથી બીજા વડે મારો વધ-બંધનથી નિગ્રહ ન થાય.

२२३ आलावो संवासो, वीसंभो संथवो पसंगो य ।
हीणायारेहिं समं, सव्वजिणिंदेहिं पडिकुट्ठो ॥८९॥

હીન આચારવાળા સાથે વાતચીત, સાથે રહેવું, વિશ્વાસ, પ્રશંસા અને લેવડ-દેવડનો સર્વ જિનેશ્વરોએ નિષેધ કર્યો છે.

२९ जइ ता लवसत्तमसुरा, विमाणवासी वि परिवडंति सुरा ।
चिंतिज्जंतं सेसं, संसारे सासयं कयरं ? ॥९०॥

જો અનુત્તર વિમાનના દેવો પણ આયુષ્ય પૂરું થતા ત્યાંથી ચ્યવતા હોય તો વિચારતાં સંસારમાં બીજું શું શાશ્વત જણાય છે ?

१२३ भवसयसहस्सदुल्लहे,
जाइजरामरणसागरुत्तारे ।
जिणवयणंमि गुणायर !,
खणमवि मा काहिसि पमायं ॥९१॥

હે ગુણભંડાર ! લાખો ભવમાં પણ દુર્લભ, જન્મ-જરા-મરણરૂપી સાગરથી પાર ઊતારનાર એવા જિનવચનમાં એક ક્ષણ પણ પ્રમાદ કરીશ નહીં.

२५८ जावाउ सावसेसं, जाव य थोवो वि अत्थि ववसाओ ।
ताव करिज्जऽप्पहियं, मा ससिराया व सोइहिसि ॥९२॥

જ્યાં સુધી આયુષ્ય બચ્યું છે, જ્યાં સુધી પ્રવૃત્તિની શક્તિ છે, ત્યાં સુધી આત્મહિત કરી લે; જેથી શશિપ્રભ રાજાની જેમ શોક કરવાનો વારો ન આવે.

४७९ न तहिं दिवसा पक्खा, मासा वरिसा वि संगणिज्जंति ।
जे मूलउत्तरगुणा, अक्खलिया ते गणिज्जंति ॥९३॥

(ચારિત્રમાં) દિવસો, પક્ષ, મહિના કે વર્ષ ગણાતા નથી, પણ અખંડ મૂળ-ઉત્તરગુણો જ ગણાય છે.

૪૮૦ जो नवि दिणे दिणे संकलेइ,
के अज्ज अज्जिया मे गुणा ।
अगुणेसु अ न य खलिओ,
कह सो करिज्ज अप्पहियं ? ॥९४॥

જે રોજ વિચારે નહીં કે "આજે કયા ગુણો કમાયો ? કયા દોષોમાં ન પડ્યો ?" તે આત્મહિત શી રીતે કરશે ?

૪૩૦ छज्जीवनिकायदयाविवज्जिओ,
नेव दिक्खिओ न गिही ।
जइधम्माओ चुक्को,
चुक्कइ गिहिदाणधम्माओ ॥९५॥

જે સાધુવેશધારી છ કાયની દયાથી રહિત છે, તે સાધુ પણ નથી અને ગૃહસ્થ પણ નથી. સાધુધર્મથી ભ્રષ્ટ થયેલો તે શ્રાવકના દાનાદિ ધર્મો પણ ચૂકી જાય છે.

૫૦૨ अरिहंतचेइआणं, सुसाहुपूयारओ दढायारो ।
सुसावगो वरतरं, न साहुवेसेण चुअधम्मो ॥९६॥

અરિહંત પરમાત્માની પ્રતિમા અને સુસાધુની પૂજા કરનારો તથા પોતાના આચારમાં ચુસ્ત એવો સુશ્રાવક સારો, પણ સાધુવેશમાં સાધુતાથી ભ્રષ્ટ થયેલો નહીં.

૫૦૯ महव्वयअणुव्वयाइं छड्डेउं, जो तवं चरइ अन्नं ।
सो अन्नाणी मूढो, नावाबुड्डो मुणेयव्वो ॥९७॥

જે મહાવ્રત-અણુવ્રતોને છોડીને તપ કરે છે, તે મૂઢ-અજ્ઞાની હોડી હોવા છતાં ડૂબી રહ્યો છે.

૫૦૬ संसारो अ अणंतो, भट्ठचरित्तस्स लिंगजीविस्स ।
पंचमहव्वयतुंगो, पागारो भिल्लिओ जेण ॥९८॥

જેણે પાંચ મહાવ્રતરૂપી કિલ્લો તોડી નાખ્યો છે, તે ચારિત્રથી ભ્રષ્ટ વેશધારી અનંતસંસારી થાય છે.

૫૦૭ न करेमि त्ति भणित्ता, तं चेव निसेवए पुणो पावं ।
पच्चक्खमुसावाई, मायानियडीपसंगो य ॥९९॥

"નહીં કરું" કહીને તે જ પાપ ફરી કરે, તે પ્રત્યક્ષ-મૃષાવાદી છે, માયા-કપટ કરે છે.

૫૦૪ जो जहवायं न कुणइ, मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ? ।
वड्ढेइ अ मिच्छत्तं, परस्स संकं जणेमाणो ॥१००॥

જે જેવું બોલે તેવું કરતો નથી, તેનાથી મોટો મિથ્યાત્વી બીજો કોણ છે ? કારણકે તે બીજાને (જિનવચનમાં) શંકા ઉત્પન્ન કરીને મિથ્યાત્વ વધારે છે.

૫૦૫ आणाए च्चिय चरणं, तब्भंगे जाण किं न भग्गं ति ? ।
आणं च अइक्कंतो, कस्साएसा कुणइ सेसं ? ॥१०१॥

આજ્ઞાપાલનથી જ ચારિત્ર છે. આજ્ઞાભંગ થયા પછી શું ન ભાંગ્યું ? એક આજ્ઞાનો પણ ભંગ કરતો, બીજું બધું કોના કહેવાથી કરે છે ?

૫૨૧ संसारसागरमिणं,
परिब्भमंतेहिं सव्वजीवेहिं ।
गहियाणि य मुक्काणि य,
अणंतसो दव्वलिंगाइं ॥१०२॥

આ સંસારસાગરમાં ભમતાં સર્વ જીવોએ અનંતવાર ચારિત્રનો વેશ લીધો છે અને છોડ્યો છે.

૫૧૮ जह सरणमुवगयाणं, जीवाणं निकिंतए सिरे जो उ ।
एवं आयरिओ वि हु, उस्सुत्तं पन्नवंतो य ॥१०३॥

શરણે આવેલા જીવનું માથું કાપી નાખે, તેવું કામ ઉત્સૂત્રપ્રરૂપણા કરનાર આચાર્ય (ગુરુ) કરે છે.

૫૧૩ सुज्झइ जई सुचरणो,
सुज्झइ सुसावओ वि गुणकलिओ ।
ओसन्नचरणकरणो,
सुज्झइ संविग्गपक्खरुई ॥१०४॥

ચારિત્રનું પાલન કરનાર નિર્જરા કરે. ગુણવાન્ સુશ્રાવક નિર્જરા કરે. શિથિલચારિત્રી પણ સંવિગ્નપક્ષપાતી હોય તો તે પણ નિર્જરા કરે.

૫૧૫ सुद्धं सुसाहुधम्मं कहेइ, निंदइ य निययमायारं ।
सुतवस्सियाणं पुरओ, होइ य सव्वोमराइणिओ ॥१०५॥

સંવિગ્નપાક્ષિક શુદ્ધ સાધુધર્મ કહે, પોતાના શિથિલાચારની નિંદા કરે, તપસ્વી સુસંયમીઓની પાસે સહુથી નાનો થઈને રહે.

૫૨૬ हीणस्स वि सुद्धपरूवगस्स, संविग्गपक्खवायस्स ।
जा जा हविज्ज जयणा, सा सा से निज्जरा होइ ॥१०६॥

હીન આચારવાળો પણ શુદ્ધ પ્રરૂપક સંવિગ્નપક્ષપાતી જે યતના (આજ્ઞાનુસારી પુરુષાર્થ) કરે, તે તેને નિર્જરાનું કારણ બને છે.

३९२ तम्हा सव्वाणुन्ना, सव्वनिसेहो य पवयणे नत्थि ।
आयं वयं तुलिज्जा, लाहाकंखि व्व वाणियओ ॥१०७॥

એટલે જિનશાસનમાં કોઈપણ ચીજની સર્વથા અનુજ્ઞા કે સર્વથા નિષેધ નથી. નફાના ઇચ્છુક વેપારીની જેમ, લાભ-નુકસાનનો વિચાર કરવો (અને ઘણા લાભ-ઓછા નુકસાનવાળું આચરવું.)

९० एगदिवसं पि जीवो, पव्वज्जमुवागओ अनन्नमणो ।
जइ वि न पावइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ॥१०८॥

એક દિવસ માટે પણ દીક્ષા લેનાર અને નિશ્ચલ મનથી પાળનાર કદાચ મોક્ષે ન જાય તો પણ અવશ્ય વૈમાનિક દેવલોકમાં જાય છે.

ॐ ह्रीँ

# ઉપદેશમાળા (પુષ્પમાળા)

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

મલધારી શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

| | | |
|---|---|---|
| **ગ્રંથ** | : | ઉપદેશમાળા (પુષ્પમાળા) સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : | ઉપદેશમાળા (પુષ્પમાળા) |
| **આધારગ્રંથકર્તા** | : | મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. |
| **અર્થસંકલન** | : | પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : | દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : | પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : | અનેક |

१ सिद्धमकम्ममविग्गहं, अकलंकमसंगमक्खयं धीरं ।
पणमामि सुगइपच्चल-परमत्थपयासणं वीरं ॥१॥

સિદ્ધિગતિને પામેલા, કર્મ-શરીર-કલંક અને સંગથી રહિત, અક્ષય, નિશ્ચલ અને સદ્ગતિ આપનારા પદાર્થોની પ્રરૂપણા કરનારા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરું છું.

~~ સમ્યક્ત્વ ~~

१० जह धन्नाणं पुहई, आहारो नहयलं व ताराणं ।
तह नीसेसगुणाणं, आहारो होइ सम्मत्तं ॥२॥

જેમ ધાન્ય માટે પૃથ્વી કે તારા માટે આકાશ આધાર છે; તેમ સમસ્ત ગુણોનો આધાર સમ્યક્ત્વ છે.

१११ सव्वत्थ उचियकरणं, गुणाणुराओ रई य जिणवयणे ।
अगुणेसु अ मज्झत्थं, सम्मद्दिट्ठिस्स लिंगाइं ॥३॥

સર્વત્ર ઔચિત્યપાલન, ગુણાનુરાગ, જિનવચનની રુચિ અને નિર્ગુણ પર માધ્યસ્થ્ય એ સમ્યગ્દૃષ્ટિના લિંગો છે.

११२ चरणरहियं न जायइ, सम्मत्तं मुक्खसाहयं इक्कं ।
ता जयसु चरणकरणे, जइ इच्छसि मुक्खमचिरेण ॥४॥

ચારિત્ર વિનાનું એકલું સમ્યક્ત્વ મોક્ષસાધક થતું નથી. એટલે જો શીઘ્ર મોક્ષ જોઈતો હોય તો ચરણ-કરણમાં ઉદ્યમ કરો.

~~ પાંચ મહાવ્રત ~~

११ जह मम न पियं दुक्खं, जाणिय एमेव सयलजीवाणं ।
न हणइ न हणावेई य, धम्मंमि ठिओ स विन्नेओ ॥५॥

'જેમ મને દુઃખ ગમતું નથી, તેમ સર્વ જીવોને નથી ગમતું', એ જાણીને જે જીવને હણે કે હણાવે નહીં, તે ધર્મી જાણવો.

१३ वहबंधमारणया, जियाण दुक्खं बहुं उईरंता ।
हुंति मियावइतणओ व्व, भायणं सयलदुक्खाणं ॥६॥

વધ-બંધન-મારથી જીવોને દુઃખ આપતા જીવો, મૃગાપુત્રની જેમ સકળ દુઃખોને ભોગવનારા થાય છે.

७ कल्लाणकोडिजणणी, दुरंतदुरियारिवग्गनिद्ववणी ।
संसारजलहितरणी, इक्कु च्चिय होइ जीवदया ॥७॥

એકમાત્ર જીવદયા જ ક્રોડો કલ્યાણની જનક, દુરંત એવા પાપશત્રુઓના સમૂહનો નાશ કરનાર, સંસારસમુદ્રમાંથી તારનાર છે.

१४५ नियपाणग्घाएण वि, कुणंति परपाणरक्खणं धीरा ।
विसतुंबउवभोगी, धम्मरुई इत्थुदाहरणं ॥८॥

સત્ત્વશાળી પુરુષો પોતાના પ્રાણોના ભોગે પણ બીજાના પ્રાણોનું રક્ષણ કરે છે. ઝેરી તુંબડીને વાપરનાર ધર્મરુચિ અણગાર એમાં ઉદાહરણ છે.

१४७ लोए वि अलियवाई, वीससणिज्जा न होइ भुयंगु व्व ।
पावइ अवन्नवायं, पियराण वि देइ उव्वेयं ॥९॥

જૂઠું બોલનારાઓ લોકમાં પણ સાપની જેમ અવિશ્વસનીય થાય છે, નિંદાને પાત્ર બને છે, સ્વજનોને પણ દુઃખી કરે છે.

१४९ मरणे वि समावडिए, जंपंति न अन्नहा महासत्ता ।
जन्नफलं निवपुट्ठा, जह कालगसूरिणो भयवं ॥१०॥

મહાસત્ત્વશાળી જીવો, મોત આવે તો પણ જૂઠું બોલતા નથી. જેમ કે રાજાએ યજ્ઞનું ફળ પૂછ્યું તો પણ ભગવાન કાલિકસૂરિ જૂઠું ન બોલ્યા.

१५१ अवि दंतसोहणं पि हु, परदव्वमदिन्नयं न गिण्हिज्जा ।
इहपरलोयगयाणं, मूलं बहुदुक्खलक्खाणं ॥११॥

આલોક-પરલોકમાં લાખો દુઃખોનું કારણ એવું - બીજાએ નહીં આપેલું - દાંતની સળી જેટલું પણ બીજાનું દ્રવ્ય સાધુ ન લે.

१५३ नवगुत्तीहिं विसुद्धं, धरिज्ज बंभं विसुद्धपरिणामो ।
सव्ववयाण वि पवरं, सुदुद्धरं विसयलुद्धाणं ॥१२॥

સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ, વિષયાસક્ત માટે અતિદુષ્કર એવું શુદ્ધ બ્રહ્મચર્ય વિશુદ્ધ પરિણામથી નવ વાડના પાલનપૂર્વક ધારણ કરે.

१५४ देवेसु वीयराओ, चारित्ती उत्तमो सुपत्तेसु ।
दाणाणमभयदाणं, वयाण बंभव्वयं पवरं ॥१३॥

દેવોમાં વીતરાગ, સુપાત્રમાં ચારિત્રધર, દાનમાં અભયદાન અને વ્રતોમાં બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે.

१५५ धरउ वयं चरउ तवं, सहउ दुहं वसउ वणनिगुंजेसु ।
बंभवयं अधरंतो, बंभा वि हु देइ महहासं ॥१४॥

વ્રત ધરો, તપ કરો, દુઃખ સહન કરો, જંગલમાં રહો, પણ બ્રહ્મચર્ય ન પાળે તો બ્રહ્મા પણ મશ્કરીને જ યોગ્ય બને.

१५७ नंदंतु निम्मलाइं, चरिआइं सुदंसणस्स महरिसिणो ।
तहविसमसंकडेसु वि, बंभवयं जस्स अक्खलियं ॥१५॥

તેવા વિષમ સંકટમાં પણ જેણે અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું તે સુદર્શન મહાશ્રાવકના નિર્મળ ચરિત્રની અનુમોદના હો.

१५८ वंदामि चरणजुयलं, मुणिणो सिरिथूलभद्दसामिस्स ।
जो कसिणभुयंगीए, पडिओ वि मुहे न निदूसिओ ॥१६॥

કાળી નાગણના (કોશા વેશ્યાના) મુખમાં પડવા છતાં જે દોષથી મુક્ત રહ્યા તેવા શ્રી સ્થૂલભદ્રસ્વામીના ચરણયુગલને વંદન કરું છું.

४४० विभूसा इत्थिसंसग्गो, पणीयं रसभोअणं ।
नरस्सऽत्तगवेसिस्स, विसं तालउडं जहा ॥१७॥

વિભૂષા, સ્ત્રીનો સંસર્ગ અને વિગઈવાળું ભોજન એ આત્મહિતેચ્છુ માણસ (સાધુ) માટે તાલપુટ ઝેર જેવા છે.

૪૫૦ इयरित्थीण वि संगो, अग्गी सत्थं विसं विसेसेइ ।
जा संजईहिं संगो, सो पुण अइदारुणो भणिओ ॥१८॥

બીજી સ્ત્રીનો સંગ પણ અગ્નિ-શસ્ત્ર કે ઝેર કરતાં વધુ ખતરનાક છે, તો સાધ્વીનો સંગ તો અતિદારુણ કહેવાયો છે.

१६२ बहुवेरकलहमूलं, नाऊण परिग्गहं पुरिससीहा ।
ससरीरे वि ममत्तं, चयंति चंपाउरीपहु व्व ॥१९॥

ઘણાં વેર-ઝઘડાનું કારણ પરિગ્રહ છે તેમ જાણીને ઉત્તમ પુરુષો, ચંપાપુરીનરેશની જેમ પોતાના શરીર પરનું મમત્વ પણ છોડી દે છે.

~~ સમિતિ - ગુપ્તિ ~~

१७३ सुयसागरस्स सारो चरणं, चरणस्स सारमेयाओ ।
समिई-गुत्तीण परं, न किंचि अन्नं जओ चरणं ॥२०॥

શ્રુતસાગરનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર સમિતિ-ગુપ્તિ છે, કારણકે સમિતિ-ગુપ્તિથી ચારિત્ર ભિન્ન નથી.

१७७ जुगमित्तनिहियदिट्ठी, खित्ते दव्वंमि चक्खुणा पेहे ।
कालंमि जाव हिंडइ, भावे तिवेहेण उवउत्तो ॥२१॥

ક્ષેત્રથી - યુગ (ગાડાની ધૂંસરી) જેટલી જમીનમાં દૃષ્ટિ રાખે, દ્રવ્યથી - આંખોથી જીવો જુએ, કાળથી - જ્યાં સુધી ચાલે ત્યાં સુધી, ભાવથી મન-વચન-કાયાથી ઉપયોગયુક્ત રહે. (ઈર્યા-સમિતિ).

१७८ उड्ढमुहो कहरत्तो, हसिरो सद्दाइएसु रज्जंतो ।
सज्झायं चिंततो, रीइज्ज न चक्कवालेणं ॥२२॥

મોઢું ઊંચું રાખીને, કથા કરતો, હસતો, શબ્દાદિ વિષયોમાં રાગ કરતો, મનમાં સ્વાધ્યાય કરતો કે ગોળ ફરતો ન ચાલે.

१८१ बहुयं लाघवजणयं, सावज्जं निट्ठुरं असंबद्धं ।
गारत्थियजणउचियं, भासासमिओ न भासिज्जा ॥२३॥

ભાષાસમિતિ યુક્ત એવા સાધુએ વધારે, લઘુતા કરનારું, સાવદ્ય, નિષ્ઠુર, સંબંધ વગરનું કે ગૃહસ્થની ભાષામાં ન બોલવું.

१८४ आहारमित्तकज्जे, सहस च्चिय जो विलंघइ जिणाणं ।
कह सेसगुणे धरिही, सुदुद्धरे सो जओ भणियं ॥२४॥

આહાર માત્ર માટે જે જિનેશ્વરની આજ્ઞાનો ભંગ કરે, તે બીજા દુષ્કર ગુણોને તો શી રીતે ધારણ કરશે ? કહ્યું છે કે...

१८५ जिणसासणस्स मूलं, भिक्खायरिया जिणेहिं पन्नत्ता ।
इत्थ परितप्पमाणं, तं जाणसु मंदसद्धीअं ॥२५॥

જિનેશ્વરોએ નિર્દોષ ભિક્ષાચર્યા જિનશાસનનું મૂળ કહી છે. તેમાં કંટાળો લાવનારને મંદ શ્રદ્ધાવાળો જાણવો.

१८८ जो जह व तह व लद्धं, गिण्हइ आहारउवहिमाईयं ।
समणगुणविप्पमुक्को, संसारपवड्ढओ भणिओ ॥२६॥

જે ગમે તે રીતે મેળવેલા (દોષિત) આહાર-ઉપધિ વગેરે લે છે, તે સાધુના ગુણોથી રહિત છે, સંસારવર્ધક કહેવાયો છે.

१९१ जइ घोरतवच्चरणं,
असक्कणिज्जं न कीरए इण्हिं ।
किं सक्का वि न कीरइ,
जयणा सुपमज्जणाईया ? ॥२७॥

જો અત્યારે ઘોર તપ-ચારિત્ર અશક્ય લાગતા હોવાથી ન કરી શકાતા હોય, તો પણ પ્રમાર્જના વગેરે જયણા જે શક્ય છે, તે કેમ નથી કરતા ?

१९३ आवायाइविरहीए, देसे संपेहणाइपरिसुद्धे ।
उच्चाराइ कुणंतो, पंचमसमियं समाणेइ ॥२८॥

આપાત વગેરેથી રહિત અને સંપ્રેક્ષણાદિથી શુદ્ધ ક્ષેત્રમાં વડીનીતિ વગેરે કરતો પાંચમી (પારિષ્ઠાપનિકા) સમિતિ પાળે છે.

२०६ पडिबंधो लहुअत्तं, न जणुवयारो न देसविन्नाणं ।
नाणाईण अवुड्ढी, दोसा अविहारपक्खंमि ॥२९॥

(ગૃહસ્થો પર) રાગ, લઘુતા, લોકો પર ઉપકાર ન થવો, જુદા જુદા દેશોનું જ્ઞાન ન થવું, જ્ઞાનાદિની વૃદ્ધિ ન થવી.. આ બધા વિહાર ન કરવાથી થતા દોષો છે.

~~ વૈયાવચ્ચ ~~

૪૨૦ भरहेरवयविदेहे, पन्नरस वि कम्मभूमिया साहू ।
इक्कंमि पूईयंमि, सव्वे ते पूईया हुंति ॥३०॥

એક પણ સાધુની પૂજા કરવાથી ભરત-ઐરવત-મહાવિદેહ રૂપ પંદર કર્મભૂમિના બધા સાધુઓની પૂજા થાય છે.

૪૨૧ इक्कंमि हीलियंमि, सव्वे ते हीलिया मुणेयव्वा ।
नाणाईण गुणाणं, सव्वत्थ वि तुल्लभावाओ ॥३१॥

એકની પણ હીલના કરવાથી બધાની હીલના થયેલી જાણવી; કારણકે સર્વત્ર જ્ઞાનાદિ ગુણો સમાન છે.

૪૨૩ वेयावच्चं निययं, करेह उत्तमगुणे धरंताणं ।
सव्वं किर पडिवाई, वेयावच्चं अपडिवाई ॥३२॥

ઉત્તમ ગુણોના ધારકની સદા વૈયાવચ્ચ કરવી; કારણકે બીજું બધું પ્રતિપાતી છે, પણ વૈયાવચ્ચ અપ્રતિપાતી છે.

૪૨૬ इच्छिज्ज न इच्छिज्ज व, तहवि य पयओ निमंतए साहू ।
परिणामविसुद्धीए, निज्जरा होइ अगहिए वि ॥३३॥

(સામો સાધુ) ઇચ્છે કે ન ઇચ્છે, તો પણ સાધુ આદરપૂર્વક નિમંત્રણ કરે. (સામો) ન લે તો પણ શુદ્ધ પરિણામના લીધે નિર્જરા થાય છે.

૫૩ पहसंतगिलाणेसु, आगमगाहीसु तह य कयलोए ।
उत्तरपारणगंमि य, दिन्नं सुबहुफलं होइ ॥३४॥

વિહાર કરીને આવેલાને, ગ્લાનને, આગમ ભણી રહેલાને, લોચ કરનારને અને ઉત્તરપારણામાં આપેલું દાન ઘણાં ફળવાળું થાય છે.

~~ જ્ઞાન ~~

३१ सूइ जहा ससुत्ता, न नस्सई कयवरंमि पडिया वि ।
जीवो वि तह ससुत्तो, न नस्सई गओ वि संसारे ॥३५॥

જેમ દોરા સાથેની સોય કચરામાં પડે તો પણ ખોવાય નહીં, તેમ જ્ઞાની જીવ સંસારમાં પડે તો પણ દીર્ઘકાળ રખડે નહીં.

३५ छट्ठट्ठमदसदुवालसेहिं, अबहुस्सुयस्स जा सोही ।
इत्तो य अणेगगुणा, सोही जिमिअस्स नाणीस्स ॥३६॥

છટ્ઠ, અટ્ઠમ, ચાર કે પાંચ ઉપવાસથી અજ્ઞાનીને જે નિર્જરા થાય, તેનાથી અનંતગુણ નિર્જરા રોજ વાપરવા છતાં જ્ઞાનીને થાય.

४४ तम्हा विहीइ सम्मं, नाणीणमुवग्गहं कुणंतेणं ।
भवजलहिजाणपत्तं, पवत्तियं होइ तित्थं पि ॥३७॥

એટલે વિધિપૂર્વક સમ્યગ્ રીતે જ્ઞાનીની ભક્તિ કરનાર, સંસારસમુદ્રમાં જહાજ સમાન તીર્થને પણ ટકાવે છે.

૨૯ जइ वि हु दिवसेण पयं, धरेइ पक्खेण वा सिलोगद्धं ।
उज्जोयं मा मुंचसु, जइ इच्छसि सिक्खिउं नाणं ॥३८॥

જો જ્ઞાન ભણવું હોય તો એક દિવસે એક પાદ કે પંદર દિવસે અડધો શ્લોક જ યાદ રહેતો હોય તો પણ પુરુષાર્થ છોડવો નહીં.

૨૫ गुरुपरितोसगएणं, गुरुभत्तीए तहेव विणएणं ।
इच्छियसुत्तत्थाणं, खिप्पं पारं समुवयंति ॥३९॥

ગુરુને સંતોષ આપનાર (શિષ્ય) ગુરુની ભક્તિ તથા વિનયથી ઇચ્છિત એવા સૂત્રાર્થોના રહસ્યો શીઘ્રતાથી પામે છે.

२० संविग्गो गीयत्थो, मज्झत्थो देसकालभावन्नू ।
नाणस्स होइ दाया, जो सुद्धपरूवगो साहू ॥४०॥

જે સાધુ સંવિગ્ન, ગીતાર્થ, મધ્યસ્થ, દેશ-કાળના ભાવોને જાણનાર અને શુદ્ધ પ્રરૂપક છે, તે જ્ઞાનનો દાતા બને.

~~ સુપાત્રદાન ~~

૪૮ इय मुक्खहेउदाणं, दायव्वं सुत्तवन्नियविहीए ।
अणुकंपादाणं पुण, जिणेहिं सव्वत्थ न निसिद्धं ॥४१॥

મોક્ષના કારણભૂત (સુપાત્રને) દાન, શાસ્ત્રમાં કહેલ વિધિથી કરવું. અનુકંપાદાનનો તો જિનેશ્વરોએ ક્યાંય નિષેધ કર્યો નથી.

૪૯ केसिं चि होइ चित्तं, वित्तं अन्नेसिमुभयमन्नेसिं ।
चित्तं वित्तं पत्तं, तिन्नि वि केसिं च धन्नाणं ॥४२॥

કોઈકને (દાનની) ઈચ્છા થાય, કોઈક પાસે સામગ્રી હોય, કોઈક પાસે બંને હોય. ઈચ્છા, સામગ્રી અને સુપાત્ર ત્રણેનો સંયોગ તો કોઈક ધન્યને જ થાય.

૫૦ आरुग्गं सोहग्गं, आणिस्सरियमणिच्छिओ विहवो ।
सुरलोयसंपया वि य, सुपत्तदाणावरफलाइं ॥४३॥

આરોગ્ય, સૌભાગ્ય, ઐશ્વર્ય, ઈચ્છિત વૈભવ, દેવલોકની સામગ્રી સુપાત્રદાનના (મોક્ષ સિવાયના) અન્ય ફળો છે.

~~ શીલ ~~

૬૨ कस्स न सलाहणिज्जं,
मरणं पि विसुद्धसीलरयणस्स ? ।
कस्स व न गरहणिज्जा,
विअलिअसीला जिअंता वि ? ॥४४॥

વિશુદ્ધ શીલધારક એવા કોનું મરણ પણ પ્રશંસનીય ન બને ? શીલરહિત એવા જીવતા લોકો પણ કોને નિંદનીય ન બને ?

૬૮ विसयाउरे बहुसो, सीलं मणसा वि मइलियं जेहिं ।
ते नरयदुहं दुसहे, सहंति जह मणिरहो राया ॥४५॥

જેઓએ વિષયતૃષ્ણાથી શીલને અનેકવાર મનથી પણ મલિન કર્યું, તેઓ પણ મણિરથ રાજાની જેમ દુઃસહ નરકના દુઃખો સહન કરે છે.

~~ તપ ~~

૮૨ होऊण विसमसीला, बहुजीवखयंकरा वि कूरा वि ।
निम्मलतवाणुभावा, सिज्झंति दढप्पहारि व्व ॥४६॥

દુષ્ટ શીલવાળા અને ઘણા જીવોને મારનારા ક્રૂર એવા પણ જીવો દૃઢપ્રહારીની જેમ નિર્મળ તપના પ્રભાવે મોક્ષે જાય છે.

૮૩ संघगुरुपच्चणीए, तवाणुभावेण सासिउं बहुसो ।
विण्हुकुमार व्व मुणी, तित्थस्स पभावगा जाया ॥४७॥

ઘણાં સાધુઓ તપના પ્રભાવથી સંઘ અને ગુરુના શત્રુઓને શિક્ષા કરીને વિષ્ણુકુમારમુનિની જેમ તીર્થના પ્રભાવક થયા છે.

~~ ભાવ ~~

૮૬ दाणं सीलं च तवो, उच्छुपुप्फं व निप्फलं हुज्जा ।
जइ न हिअयंमि भावो, होइ सुहो तस्सिमे हेऊ ॥४८॥

જો હૃદયમાં શુભ ભાવ ન હોય, તો દાન-શીલ કે તપ શેરડીના ફૂલની જેમ નિષ્ફળ થાય છે. તે શુભ ભાવના આ (આગળ કહેવાતા) હેતુઓ છે -

૮૭ सम्मत्तचरणसुद्धी, करणजओ निग्गहो कसायाणं ।
गुरुकुलवासो दोसाण, वियडणा भवविरागो य ॥४९॥

સમ્યક્ત્વ, ચારિત્રની શુદ્ધિ, ઇન્દ્રિયજય, કષાયોનો નિગ્રહ, ગુરુકુળવાસ, દોષોની આલોચના, સંસારથી વૈરાગ્ય...

૮૮ विणओ वेयावच्चं, सज्झायरई अणाययणचाओ ।
परपरिवायनिवित्ती, थिरया धम्मे परिन्ना य ॥५०॥

વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાયરુચિ, અનાયતનત્યાગ, પરનિંદાત્યાગ, ધર્મમાં સ્થિરતા અને અનશન. (આ બધા શુભ ભાવના હેતુ છે.)

~~ ગચ્છવાસ ~~

૩૩૬ जीहाए वि लिहंतो, न भद्दओ जत्थ सारणा नत्थि ।
दंडेण वि ताडंतो, स भद्दओ सारणा जत्थ ॥५१॥

જ્યાં સારણા નથી, તે ગુરુ જીભથી ચાટતા હોય (વહાલ કરતા હોય), તો પણ સારા નથી. જ્યાં સારણા છે, તે લાકડીથી મારતા હોય તો પણ સારા છે.

૩૩૭ जह सीसाइ निकिंतइ, कोइ सरणागयाण जंतूणं ।
तह गच्छमसारंतो, गुरु वि सुत्ते जओ भणियं ॥५२॥

જેમ કોઈ શરણે આવેલા જીવના માથા કાપી નાખે, તેવું કામ ગચ્છની કાળજી ન રાખનાર ગુરુ કરે છે. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે -

३४० जहिं नत्थि सारणा वारणा य, पडिचोयणा व गच्छंमि ।
सो अ अगच्छो गच्छो, संजमकामीहिं मुत्तव्वो ॥५३॥

જે ગચ્છમાં સારણા-વારણા-પડિચોયણા નથી તે ગચ્છ નથી, સંયમેચ્છુકે તેને છોડી દેવો.

३४२ गच्छं तु उवेहंतो, कुव्वइ दीहं भवं विहीए उ ।
पालंतो पुण सिज्झइ, तइयभवे भगवईसिद्धं ॥५४॥

ગચ્છની ઉપેક્ષા કરનાર દીર્ઘસંસાર ભમે. અને ગચ્છનું વિધિપૂર્વક પાલન કરનાર ત્રીજા ભવે મોક્ષે જાય એમ શ્રી ભગવતીસૂત્રમાં કહ્યું છે.

३४४ आगारिंगियकुसलं, जइ सेयं वायसं वए पुज्जा ।
तहवि अ सिं नवि कूडे, विरहंमि अ कारणं पुच्छे ॥५५॥

આકાર-ઈંગિતથી ગુરુના ભાવને જાણવામાં કુશળ શિષ્યને ગુરુ કહે કે 'કાગડો સફેદ છે', તો પણ તેને ખોટું ન પાડે, એકાંતમાં તેનું કારણ પૂછે.

३४७ निच्छइ य सारणाई, सारिज्जंतो अ कुप्पइ सो पावो ।
उवएसं पि न अरिहइ, दूरे सीसत्तणं तस्स ॥५६॥

જે સારણા વગેરે ઈચ્છે નહીં, સારણા કરે તો ગુસ્સે થાય, તેનામાં શિષ્યત્વ તો દૂર રહ્યું, પણ પાપી એવો તે ઉપદેશને પણ યોગ્ય નથી.

૩૪૮ छंदेण गओ छंदेण, आगओ चिट्ठिओ य छंदेण ।
छंदेण वट्टमाणो, सीसो छंदेण मुत्तव्वो ॥५७॥

પોતાની ઇચ્છાથી જાય, આવે, રહે, વર્તે તેવા શિષ્યને (ગુરુએ) ઇચ્છાથી જ તજી દેવો. (ગચ્છબહાર કરવો.)

૩૫૨ सिरिगोअमाइणो गणहरा वि, नीसेसअइसयसमग्गा ।
तब्भवसिद्धीआ वि हु, गुरुकुलवासं पि य पवन्ना ॥५८॥

સર્વ અતિશયોથી સંપન્ન અને તદ્‌ભવમોક્ષગામી શ્રી ગૌતમસ્વામી વગેરે ગણધરોએ પણ ગુરુકુળવાસ સ્વીકાર્યો હતો.

૩૫૩ उज्झियगुरुकुलवासो, इक्को सेवइ अकज्जमविसंको ।
तो कुलवालओ इव, भट्ठवओ भमइ भवगहणे ॥५९॥

ગુરુકુળવાસને છોડનાર એકલો સાધુ નિઃશંક થઈને અકાર્ય કરે અને તો કુલવાલકની જેમ વ્રતભ્રષ્ટ થઈને સંસારમાં રખડે.

~~ સાધુના વિશેષણો ~~

૨૦૨ गयणं व निरालंबो, हुज्ज धरामंडलं व सव्वसहो ।
मेरुव्व निप्पकंपो, गंभीरो नीरनाहु व्व ॥६०॥

આકાશની જેમ નિરાલંબ, પૃથ્વીની જેમ બધું સહન કરનાર, મેરુની જેમ નિષ્પ્રકંપ, સમુદ્રની જેમ ગંભીર થવું...

२०३ चंदु व्व सोमलेसो, सूरूव्व फुरंतउग्गतवतेओ ।
सीहु व्व असंखोभो, सुसीयलो चंदणवणं व ॥६१॥

ચંદ્રની જેવા સૌમ્ય કાંતિવાળા, સૂર્યની જેમ પ્રસરતાં ઉગ્ર તપતેજવાળા, સિંહની જેમ નિર્ભય, ચંદનની જેવા શીતળ થવું...

२०४ पवणु व्व अपडिबद्धो, भारंडविहंगमु व्व अपमत्तो ।
मुद्धवहु व्व वयारो, सारयसलिलं व सुद्धमणो ॥६२॥

પવનની જેમ અપ્રતિબદ્ધ (ગમે તે દિશામાં વહે), ભારંડ પંખીની જેમ અપ્રમત્ત, મુગ્ધ (બાલિકા) વહુની જેમ નિર્વિકાર અને શરદઋતુના જળની જેમ નિર્મળ મનવાળા થવું.

~~ કષાયજય ~~

२९१ मित्तं पि कुणइ सत्तुं, पत्थइ अहियं हियं पि परिहरइ ।
कज्जाकज्जं न मुणइ, कोवस्स वसं गओ पुरिसो ॥६३॥

ક્રોધને વશ થયેલ માણસ, મિત્રને પણ શત્રુ બનાવે, અહિત આચરે, હિત છોડે, કાર્ય-અકાર્યને જાણે નહીં.

२९४ खंती सुहाण मूलं, मूलं धम्मस्स उत्तमा खंती ।
हरइ महाविज्जा इव, खंती दुरियाइं सयलाइं ॥६४॥

ક્ષમા સુખનું મૂળ છે, ઉત્તમ ક્ષમા ધર્મનું મૂળ છે અને મહાવિદ્યાની જેમ સર્વ પાપોનો નાશ કરે છે.

२९७ अन्नयरमओम्मत्तो, पावइ लहुअत्तणं सुगुरुओ वि ।
विबुहाण सोयणिज्जो, बालाण वि होइ हसणिज्जो ॥६५॥

કોઈપણ મદમાં ઉન્મત્ત થયેલ જીવ, ગમે તેટલો મોટો હોય તો પણ લઘુતાને પામે છે, પંડિતોને શોચનીય અને પ્રાકૃત જનો માટે મશ્કરીને યોગ્ય બને છે.

३०१ बहुदोससंकुले गुणलवंमि, को हुज्ज गव्विओ इहइं ।
सोऊण विगयदोसं, गुणनिवहं पुव्वपुरिसाण ? ॥६६॥

પૂર્વપુરુષોના બિલકુલ દોષરહિત ગુણભંડાર સાંભળ્યા પછી ઘણાં દોષથી ભરેલી પોતાની જાતમાં નાનકડા ગુણથી કોણ અભિમાન કરે ?

३०० धम्मस्स दया मूलं, मूलं खंती वयाण सयलाण ।
विणओ गुणाण मूलं, दप्पो मूलं विणासस्स ॥६७॥

ધર્મનું મૂળ દયા છે, બધા વ્રતોનું મૂળ ક્ષમા છે. ગુણોનું મૂળ વિનય છે, અભિમાન વિનાશનું મૂળ છે.

४६१ परदोसं जंपंतो, न लहइ अत्थं जसं न पावेइ ।
सुअणं पि कुणइ सत्तुं, बंधइ कम्मं महाघोरं ॥६८॥

બીજાના દોષ બોલનાર, કંઈ મેળવતો નથી, યશ પામતો નથી, સ્વજનોને પણ શત્રુ બનાવે છે અને મહાઘોર કર્મ બાંધે છે.

३०४ जे मुद्धजणं परिवंचयंति, बहुअलियकूडकवडेहिं ।
अमरनरसिवसुहाणं, अप्पा वि हु वंचिओ तेहिं ॥६९॥

જે ઘણાં જૂઠ-કૂડ-કપટથી મુગ્ધજનોને છેતરે છે, તે પોતાની જાતને જ દેવ-મનુષ્ય-મોક્ષના સુખોથી વંચિત કરે છે.

३१२ जह जह वड्ढइ विहवो, तह तह लोभो वि वड्ढए अहियं ।
देवा इत्थाहरणं, कविलो वा खुड्डओ वा वि ॥७०॥

જેમ જેમ વૈભવ વધે, તેમ લોભ પણ અધિક વધે. તેમાં દેવો, કપિલ અને ક્ષુલ્લક ઉદાહરણ છે.

३१४ जं अज्जियं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।
तं पि हु कसाइयमित्तो, हारेइ नरो मुहुत्तेणं ॥७१॥

દેશોન પૂર્વક્રોડ વર્ષ ચારિત્ર પાળીને જે પુણ્ય ભેગું કર્યું હોય, તે કષાયગ્રસ્ત માણસ બે ઘડીમાં ગુમાવી દે છે.

३१५ जइ उवसंतकसाओ, लहइ अणंतं पुणो वि पडिवायं ।
न हु भे वीससियव्वं, थोवे वि कसायसेसंमि ॥७२॥

જો ઉપશાંતકષાયી પણ પડ્યા પછી અનંત સંસાર ભમતો હોય, તો થોડો પણ કષાય બાકી હોય તેનો વિશ્વાસ કરવા જેવો નથી.

३१९ तं वत्थु मुत्तव्वं, जं पइ उप्पज्जए कसायग्गी ।
तं वत्थु घित्तवं, जत्थोवसमो कसायाणं ॥७३॥

જેનાથી કષાયાગ્નિ ઉત્પન્ન થાય તે વસ્તુ છોડી દેવી. જેનાથી કષાયનો ઉપશમ થાય તે ગ્રહણ કરવી.

२१० वज्जिज्ज मच्छरं परगुणेसु, तह नियगुणेसु उक्करिसं ।
दूरेणं परिवज्जसु, सुहसीलस्स संसग्गिं ॥७४॥

બીજાના ગુણોની ઈર્ષ્યા અને પોતાના ગુણોનો ઉત્કર્ષ તજવો. સુખશીલનો સંસર્ગ દૂરથી જ તજવો.

२१३ वंदिज्जंतो हरिसं,
निंदिज्जंतो करिज्ज न विसायं ।
न हि नमिअनिंदिआणं,
सुगइं कुगइं च बिंति जिणा ॥७५॥

કોઈ વંદન કરે તો આનંદ કે નિંદા કરે તો શોક ન કરવો. કોઈના નમસ્કાર કે નિંદાના આધારે જિનેશ્વરોએ સદ્‌ગતિ-દુર્ગતિ નથી કહી.

२१४ अप्पा सुगइ साहइ, सुपउत्तो दुग्गइं च दुप्पउत्तो ।
तुट्ठो रुट्ठो अपरो, न साहओ सुगईकुगईणं ॥७६॥

સુપ્રવૃત્ત આત્મા જ સદ્‌ગતિ આપે છે અને દુષ્પ્રવૃત્ત આત્મા જ દુર્ગતિ આપે છે. બીજી કોઈ વ્યક્તિ ખુશ થવા પર કે ગુસ્સે થવા પર સદ્‌ગતિ કે દુર્ગતિ આપતી નથી.

३९२ हुंति मुहु च्चिय महुरा, विसया किंपागभूरुहफलं व ।
परिणामे पुण ते च्चिय, नारयजलणिंधणं मुणसु ॥७७॥

વિષયો કિંપાકવૃક્ષના ફળની જેમ શરૂઆતમાં મધુર પણ પરિણામે નરકના અગ્નિના ઈંધણ જેવા છે.

३९३ विसयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोहं ।
जिणवीरविणिद्दिट्ठो, दिट्ठंतो बंधुजुअलेण ॥७८॥

વિષયોની સ્પૃહાવાળો સંસારમાં પડે છે અને વિષયોની સ્પૃહા વગરનો જીવ દુસ્તર સંસારસમુદ્ર તરી જાય છે. પ્રભુ વીરે કહેલ બે ભાઈઓ(જિનપાલિત અને જિનરક્ષિત)નું ઉદાહરણ અહીં છે.

२३४ तहसूरो तहमाणी, तहविक्खाओ जयंमि तहकुसलो ।
अजिइंदियत्तणेणं, लंकाहिवई गओ निहणं ॥७९॥

તેવો વિશિષ્ટ પરાક્રમી, અભિમાની, પ્રખ્યાત અને યુદ્ધકુશળ લંકાધિપતિ રાવણ, અજિતેન્દ્રિય હોવાથી મોતને ભેટ્યો.

४९५ जं अज्ज वि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंधो ।
तं नज्जइ गरुयाण वि, अलंघणिज्जो महामोहो ॥८०॥

જીવોને હજી પણ દુઃખના કારણભૂત વિષયો પર રાગ છે, તેથી જણાય છે કે મોટા માણસોને માટે પણ મોહ દુર્જેય છે !

३२६ जो रागाईण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ।
जस्स वसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥८१॥

જે રાગાદિને આધીન છે, તે લાખો દુઃખોને આધીન છે. અને જેને રાગાદિ વશ છે, તેને સકળ સુખો પણ વશ છે.

४५१ चेइयदव्वविणासे, रिसिघाए पवयणस्स उड्डाहे ।
संजइचउत्थभंगे, मूलग्गी बोहिलाभस्स ॥८२॥

દેવદ્રવ્યનો નાશ, મુનિની હત્યા, શાસનની હીલના અને સાધ્વીના બ્રહ્મચર્યભંગથી સમ્યગ્દર્શનના મૂળમાં જ અગ્નિ મૂકાય છે.

४५३ जमुवेहंतो पावइ, साहू वि भवं दुहं च सोऊण ।
संकासगाइयाणं, को चेइयदव्वमवहरइ ? ॥८३॥

જેની ઉપેક્ષા કરતો સાધુ પણ સંસાર વધારે (તેવા દેવદ્રવ્યનું ભક્ષણ કરનાર) સંકાશ વગેરેના દુઃખોને સાંભળીને કોણ દેવદ્રવ્યનું હરણ કરે ?

२६० अव्वत्तेण वि सामाइएण, तह एगदिणपवज्जेणं ।
संपइराया सिद्धिं, पत्तो किं पुण समग्गेण ? ॥८४॥

(પૂર્વભવમાં) એક દિવસ માટે લીધેલ અવ્યક્ત સામાયિકથી પણ સંપ્રતિ રાજા સિદ્ધિ પામ્યા. તો સંપૂર્ણ સામાયિકથી તો શું ન થાય ?

૨૨૮ जइ जिणमयं पवज्जह, ता मा ववहारनिच्छए मुयह ।
ववहारनयोच्छेए, तित्थुच्छेओ जओ भणिओ ॥८५॥

જો જિનવચન સ્વીકારો છો, તો વ્યવહાર અને નિશ્ચયને ન છોડો. કારણકે વ્યવહારનયના ઉચ્છેદમાં શાસનનો વ્યુચ્છેદ કહ્યો છે.

~~ વ્યવહાર - નિશ્ચય ~~

૨૨૯ ववहारो वि हु बलवं, जं वंदइ केवली वि छउमत्थं ।
आहाकम्मं भुंजइ, सुयववहारं पमाणंतो ॥८६॥

વ્યવહાર પણ બળવાન છે, કારણકે કેવલી પણ (પોતાને કેવળજ્ઞાન થયાની જેમને ખબર ન હોય તેવા રત્નાધિક વગેરે) છદ્મસ્થને વંદન કરે છે અને શ્રુતવ્યવહારને પ્રમાણ કરીને (શ્રુતજ્ઞાનથી શુદ્ધ જાણીને લવાયેલ) આધાકર્મી ગોચરી વાપરે છે.

૨૩૧ चेइयकुलगणसंघे, आयरियाणं च पवयणसुए य ।
सव्वेसु वि तेण कयं, तवसंजममुज्जमंतेणं ॥८७॥

તપ અને સંયમમાં જે ઉદ્યત છે, તેણે ચૈત્ય-કુલ-ગણ-સંઘ-આચાર્ય-શાસન-શ્રુત બધાનું (ઉચિત) કાર્ય (ભક્તિ વગેરે) કરી લીધું છે.

૨૩૭ काहं अछित्तिं अदुवा अहीहं,
तवोविहाणेण य उज्जमिस्सं ।
गच्छं च नीईइ अ सारइस्सं,
सालंबसेवी समुवेइ मुक्खं ॥८८॥

હું તીર્થનો અવ્યવચ્છેદ કરીશ, અથવા શ્રુત ભણીશ, વિશિષ્ટ તપમાં ઉદ્યમ કરીશ, વિધિપૂર્વક ગચ્છનું વહન કરીશ એવા આલંબને અપવાદ સેવનાર મોક્ષમાં જાય છે.

૨૩૮ सालंबणो पडंतो, अप्पाणं दुग्गमे वि धारेइ ।
इय सालंबणसेवी, धारेइ जई असढभावं ॥८९॥

(મજબૂત ડાળી વગેરે) આલંબન સાથે ખીણ વગેરેમાં પડતો પણ પોતાને બચાવી લે છે, તેમ પુષ્ટ આલંબને અપવાદ સેવનાર સાધુ અશઠભાવ જાળવી રાખે છે.

૨૪૧ जा जयमाणस्स भवे, विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ निज्जरफला, अज्झत्थविसोहिजुत्तस्स ॥९०॥

શાસ્ત્રવિધિના જાણકાર, અધ્યાત્મવિશુદ્ધિથી યુક્ત (રાગ-દ્વેષ રહિત) અને યતનાપૂર્વક કાર્ય કરનારને જે વિરાધના થાય, તે પણ નિર્જરાનું જ કારણ છે.

૨૪૩ इरियावहियाईया, जे चेव हवंति कम्मबंधाय ।
अजयाणं ते चेव उ, जयाण निव्वाणगमणाय ॥९१॥

ગમનાગમનાદિ જે પણ કાર્ય, અયતનાવાળાને કર્મબંધ માટે થાય છે, તે જ યતનાવાળાને મોક્ષ માટે થાય છે.

૨૪૫ अणुमित्तो वि न कस्सइ,
बंधो परवत्थुपच्चया भणिओ ।
तह वि जयंति जइणो,
परिणामविसोहिमिच्छंता ॥९२॥

કોઈને પણ, બાહ્ય પદાર્થના કારણે લેશમાત્ર કર્મબંધ કહ્યો નથી, છતાં સાધુઓ પરિણામની શુદ્ધિને ઈચ્છતા હોવાથી બાહ્ય યતના કરે છે.

૨૪૭ पडिसेहो अ अणुन्ना, एगंतेणं न वण्णिया समए ।
एसा जिणाण आणा, कज्जे सच्चेण होअव्वं ॥९३॥

શાસ્ત્રમાં એકાંતે અનુજ્ઞા કે નિષેધ કહ્યા નથી. જિનેશ્વરોની આજ્ઞા આ જ છે કે કાર્યમાં નિર્દંભ રહેવું.

૨૪૮ दोसा जेण निरुज्झंति, जेण खिज्जंति पुव्वकम्माइं ।
सो सो मुक्खोवाओ, रोगावत्थासु समणं व ॥९४॥

જેનાથી દોષો ઘટે અને પૂર્વોપાર્જિત કર્મો ખપે, તે બધો મોક્ષનો ઉપાય છે, જેમ રોગનું જે શમન કરે તે ઔષધ છે.

૨૫૧ उस्सग्गे अववायं, आयरमाणो विराहओ होइ ।
अववाए पुण पत्ते, उस्सग्ग-निसेवओ भइओ ॥९५॥

ઉત્સર્ગના સ્થાને અપવાદ આચરનારો વિરાધક થાય, અપવાદનો અવસર હોય ત્યારે ઉત્સર્ગને સેવનાર માટે ભજના છે. (સત્ત્વશાળી હોય, ગુર્વાજ્ઞાપૂર્વક કરે, સમાધિ ટકે તો આરાધક, અન્યથા વિરાધક.)

૨૫૫ उस्सग्गऽववायविऊ, गीयत्थो निस्सिओ उ जो तस्स ।
अनिगूहंतो वीरियं, असढो सव्वत्थ चारित्ती ॥९६॥

ઉત્સર્ગ-અપવાદને જાણનાર ગીતાર્થ અથવા તેની નિશ્રામાં રહેલ જે સર્વત્ર શક્તિને ન ગોપવે અને નિષ્કપટ છે, તે ચારિત્રી છે.

~~ વિનય ~~

૪૦૮ अब्भुट्ठाणं अंजलि, आसणदाणं अभिग्गह किईय ।
सुस्सूसण अणुगच्छण, संसाहण काय अट्ठविहो ॥९७॥

અભ્યુત્થાન, હાથ જોડવા, આસન આપવું, આસન લઈ લેવું, વંદન, સેવા, પાછળ જવું, સામે જવું એ આઠ પ્રકારનો કાયવિનય છે.

૪૦૯ हिअमियअफरुसवाई, अणुवीईभासी वाईओ विणओ ।
अकुसलमणो निरोहो, कुसलमणोदीरणं चेव ॥९८॥

હિતકર, અલ્પ (માપસર) અને મધુર વચન, વિચારીને બોલવું એ વાચિક વિનય છે. અકુશલમનનો નિરોધ અને કુશલ મનની ઉદીરણા એ મનનો વિનય છે.

२१ ओसन्नो वि विहारे, कम्मं सोहेइ सुलभबोही य ।
चरणकरणं विसुद्धं, उववूहंतो परूवेंतो ॥९९॥

આચારમાં શિથિલ હોવા છતાં શુદ્ધ ચારિત્રની પ્રરૂપણા અને ઉપબૃંહણા કરનાર કર્મની નિર્જરા કરે છે, અને સુલભબોધિ બને છે.

४८० सुचिरं पि तवं तवियं, चिन्नं चरणं सुयं च बहुपढियं ।
अंते विराहइत्ता, अणंतसंसारिणो भणिया ॥१००॥

ઘણો કાળ તપ કર્યો, ચારિત્ર પાળ્યું, ઘણાં શ્રુતનો અભ્યાસ કર્યો, પણ અંતે વિરાધક થનારા અનંતસંસારી કહેવાયા છે.

४८८ इक्कं पंडियमरणं, छिंदइ जाईसयाइं बहुआइं ।
इक्कं पि बालमरणं, कुणइ अणंताइं दुक्खाइं ॥१०१॥

એક પંડિતમરણ પણ સેંકડો ભવોના ભ્રમણનો નાશ કરે. એક બાલમરણ પણ અનંત દુઃખો લાવે.

४८१ काले सुपत्तदाणं, चरणे सुगुरुण बोहिलाभं च ।
अंते समाहिमरणं, अभव्वजीवा न पाविंति ॥१०२॥

અવસરે સુપાત્રદાન, સદ્‌ગુરુના ચરણે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અને અંતે સમાધિમરણ - આ ત્રણ વસ્તુ અભવ્ય જીવો પામતા નથી.

~~ આલોચના ~~

३६३ अग्गीओ न वियाणई, सोहिं चरणस्स देइ ऊणहियं ।
तो अप्पाणं आलोयगं च, पाडेइ संसारे ॥१०३॥

અગીતાર્થ પ્રાયશ્ચિત્ત જાણે નહીં અને ઓછું-વધુ આપે તો પોતાને અને આલોચના કરનારને સંસારમાં પાડે.

३७१ जह सुकुसलो वि विज्जो,
अन्नस्स कहेइ अप्पणो वाहिं ।
एवं जाणंतस्स वि,
सल्लुद्धरणं गुरुसगासे ॥१०४॥

કુશળ વૈદ્ય પણ પોતાનો રોગ બીજાને જ કહે (અને દવા કરે) તેમ જ્ઞાનીએ પણ ગુરુ પાસે જ શલ્યનો ઉદ્ધાર (આલોચના) કરવો.

३७३ लज्जाइ गारवेण य, बहुस्सुअमएण वा वि दुच्चरियं ।
जे न कहंति गुरुणं, न हु ते आराहगा हुंति ॥१०५॥

શરમ, અભિમાન કે બહુશ્રુતપણાંના મદથી જે પોતાનું પાપ ગુરુને ન કહે, તે આરાધક થતા નથી.

३७२ अप्पं पि भावसल्लं,
अणुद्धरिअं रायवणिअतणएहिं ।
जायं कडुयविवागं,
किं पुण बहुयाइं पावाइं ? ॥१०६॥

રાજકુમાર (આર્દ્રકુમાર) અને વણિકપુત્ર (ઇલાચીપુત્ર)ને ઉદ્ધૃત નહીં કરાયેલું નાનું પણ ભાવશલ્ય કટુ વિપાકવાળું થયું; તો ઘણાં પાપોની આલોચના ન કરે તો શું થાય ?

३६५ आलोयणापरिणओ, सम्मं संपट्ठिओ गुरुसगासे ।
जइ अंतरा वि कालं, करिज्ज आराहओ तह वि ॥१०७॥

આલોચના કરવાના પરિણામથી ગુરુ પાસે જઈ રહેલો જો વચમાં કાળ કરે તો પણ આરાધક થાય.

३८१ निद्ववियि-पावपंका, सम्मं आलोइय गुरुसगासे ।
पत्ता अणंतसत्ता, सासयसुक्खं अणाबाहं ॥१०८॥

ગુરુ પાસે સમ્યક્ આલોચના કરીને પાપને ધોઈ નાખનારા અનંત જીવો અવ્યાબાધ મોક્ષસુખને પામ્યા છે.

नँ ह्रीँ

# ભવભાવના

# સૂક્ત-રત્ન-મંજૂષા

## (સાર્થ)

: આધારગ્રંથકર્તા :

મલધારી શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા

| | |
|---|---|
| **મૂલગ્રંથ** | : ભવભાવના સૂક્ત - રત્ન - મંજૂષા (સાર્થ) |
| **આધારગ્રંથ** | : ભવભાવના પ્રકરણ |
| **આધારગ્રંથકર્તા** | : મલધારી હેમચંદ્રસૂરિ મહારાજા |
| **અર્થસંકલન** | : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિ. મ. સા. |
| **અર્થસંશોધન** | : દીક્ષાદાનેશ્વરી પ. પૂ. આ. ભ. શ્રી વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ. સા.ના પ્રશિષ્ય... પ. પૂ. મુ. શ્રી ત્રિભુવનરત્નવિ. મ. સા. |
| **ભાષા** | : પ્રાકૃત, ગુજરાતી |
| **વિષય** | : બાર ભાવના |

१ णमिऊण णमिरसुरवर-मणिमउडफुरंतकिरणकब्बुरिअं ।
बहुपुन्नंकुरनियरंकियं, सिरिवीरपयकमलं ॥१॥

નમેલા ઈન્દ્રોના મણિજડિત મુકુટમાંથી નીકળતાં કિરણોથી ચમકતા, ઘણા પુણ્યના સમૂહથી શોભતાં શ્રી વીરપ્રભુના ચરણકમળને નમીને...

२ सिद्धंतसिंधुसंगय-सुजुत्तिसुत्तीण संगहेऊण ।
मुत्ताहलमालं पिव, रएमि भवभावणं किल ॥२॥

સિદ્ધાંતરૂપી સમુદ્રમાંથી સુંદર યુક્તિવચનોરૂપી છીપમાંથી મોતીઓને વીણીને મોતીની માળા જેવી ભવભાવના હું રચું છું.

६ भवभावणनिस्सेणिं, मोत्तुं च न सिद्धिमंदिरारूहणं ।
भवदुहनिव्विण्णाण वि, जायइ जंतूण कइया वि ॥३॥

ભવભાવનારૂપી સીડી વિના, સંસારના દુઃખોથી વિરક્ત જીવો પણ સિદ્ધિરૂપી મંદિરમાં કદાપિ પહોંચી શકતા નથી.

७ तम्हा घरपरियणसयणसंगयं, सयलदुक्खसंजणयं ।
मोत्तुं अट्टज्झाणं, भावेज्ज सया भवसरूवं ॥४॥

એટલે સકળ દુઃખના કારણભૂત એવું; ઘર, પરિવાર અને સ્વજનોની ચિંતારૂપ આર્તધ્યાન છોડીને સદા સંસારનું સ્વરૂપ વિચારો.

~~ અનિત્યભાવના ~~

૧૧ सव्वप्पणा अणिच्चो, नरलोओ ताव चिट्ठउ असारो ।
जीयं देहो लच्छी, सुरलोयंमि वि अणिच्चाइं ॥५॥

સર્વ રીતે અનિત્ય અને અસાર એવો મનુષ્યલોક તો દૂર રહો; દેવલોકમાં પણ આયુષ્ય, શરીર, લક્ષ્મી બધું જ અનિત્ય છે.

૧૮ संझब्भरायसुरचावविब्भमे, घडणविहडणसरूवे ।
विहवाइवत्थुनिवहे, किं मुज्झसि जीव ! जाणंतो ? ॥६॥

હે જીવ ! વૈભવાદિ વસ્તુઓને સંધ્યાના રંગ અને ઈન્દ્રધનુષની જેમ ક્ષણમાં જ ઉત્પન્ન થઈને નાશ થવાના સ્વભાવવાળી જાણવા છતાં તું કેમ તેમાં મોહ પામે છે ?

૨૪ बलरूवरिद्धिजोव्वण-पहुत्तणं सुभगया अरोयत्तं ।
इट्ठेहि य संजोगो, असासयं जीवियव्वं च ॥७॥

બળ, રૂપ, સમૃદ્ધિ, યૌવન, સત્તા, સૌભાગ્ય, નિરોગીપણું, ઈષ્ટનો સંયોગ અને આયુષ્ય - બધું જ અનિત્ય છે.

~~ અશરણભાવના ~~

૨૬ रोयजरामच्चुमुहागयाण, बलिचक्किकेसवाणं पि ।
भुवणे वि नत्थि सरणं, एक्कं जिणसासणं मोत्तुं ॥८॥

રોગ-વૃદ્ધાવસ્થા અને મૃત્યુની પકડમાં ફસાયેલા ચક્રવર્તી, વાસુદેવ કે બળદેવને પણ જિનશાસન સિવાય ત્રણે ભુવનમાં કશું જ શરણરૂપ નથી.

३८ दलइ बलं गलइ सुइं, पाडइ दसणे निरुंभए दिट्ठिं ।
जररक्खसि बलिण वि, भंजइ पिट्ठिं पि सुसिलिट्ठं ॥९॥

વૃદ્ધાવસ્થારૂપી રાક્ષસી બળને ક્ષીણ કરે છે, કાનમાં બહેરાશ લાવે છે, દાંતો પાડે છે, આંખે ઝાંખપ લાવે છે અને બળવાનની પણ કમનીય કમર ભાંગી નાખે છે.

૪૪ सयलतिलोयपहूणो, उवायविहिजाणगा अणंतबला ।
तित्थयरा वि हु कीरंति, कित्तिसेसा कयंतेण ॥१०॥

સકળ ત્રિલોકના નાથ, સર્વ ઉપાયોને જાણનારા અનંતબલી તીર્થંકરોને પણ યમરાજ પરાજિત કરે છે !

~~ એકત્વભાવના ~~

૫૫ एक्को कम्माइं समज्जिणेइ, भुंजइ फलं पि तस्सेक्को ।
एक्कस्स जम्ममरणे, परभवगमणं च एक्कस्स ॥११॥

જીવ એકલો જ કર્મ બાંધે છે, તેનું ફળ એકલો જ ભોગવે છે. એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને એકલો જ પરભવમાં જાય છે.

૫૮ पत्तेयं पत्तेयं,
कम्मफलं नियमयमणुहवंताणं ।
को कस्स जए सयणो ?,
को कस्स परजणो एत्थ ? ॥१२॥

દરેક જીવો પોતપોતાના કર્મના ફળને અનુભવે છે. તો જગતમાં કોણ કોનું સ્વજન છે ? કોણ કોનો પરજન છે ?

૫૯ को केण समं जायइ ?,
को केण समं परभवं वच्चइ ? ।
को कस्स दुहं गिण्हइ ?,
मयं च को कं नियत्तेइ ? ॥१३॥

કોણ કોની સાથે જન્મે છે ? કોણ કોની સાથે પરલોકમાં જાય છે ? કોણ કોનું દુઃખ પોતે લઈ લે છે ? કોણ મરેલાને પાછો લાવે છે ?

૬૬ नरयतिरियाइएसुं, तस्स वि दुक्खाइं अणुहवंतस्स ।
दीसइ न को वि बीओ, जो अंसं गिण्हइ दुहस्स ॥१४॥

નરક-તિર્યંચમાં દુઃખ સહન કરતા તેનું તેવું કોઈ બીજું દેખાતું નથી કે જે તેના દુઃખનો અંશ પણ પોતે લઈ લે.

~ અન્યત્વભાવના ~

૭૦ अन्नं इमं कुडुंबं, अन्ना लच्छी सरीरमवि अन्नं ।
मोत्तुं जिणिंदधम्मं, न भवंतरगामिओ अन्नो ॥१५॥

આ કુટુંબ મારાથી જુદું છે, લક્ષ્મી જુદી છે, શરીર પણ જુદું છે. જૈનધર્મ સિવાય પરલોકમાં મારી સાથે આવનાર બીજું કોઈ નથી.

૭૮ जह वा महल्लरुक्खे, पओससमए विहंगमकुलाइं ।
वसिऊण जंति सूरोयंमि, ससमीहियदिसासु ॥१६॥

અથવા જેમ પક્ષીઓ સાંજના સમયે મોટા વૃક્ષમાં વસીને સૂર્યોદય થવા પર પોતપોતાની ઇચ્છિત દિશાઓમાં ચાલી જાય છે...

૮૦ इय कम्मपासबद्धा, विविहट्ठाणेहिं आगया जीवा ।
वसिउं एगकुडुंबे, अन्नन्नगईसु वच्चंति ॥१७॥

એ રીતે કર્મથી બંધાયેલા, જુદા જુદા સ્થાનોમાંથી આવેલા જીવો એક કુટુંબમાં રહીને જુદી જુદી ગતિઓમાં ચાલ્યા જાય છે.

~~ સંસારભાવના - નરકગતિ ~~

૮૮ जइ अमरगिरिसमाणं, हिमपिंडं को वि उसिणनरएसु ।
खिवइ सुरो तो खिप्पं, वच्चइ विलयं अपत्तो पि ॥१८॥

જો કોઈ દેવ મેરુપર્વત જેવડા બરફના પિંડને નરકમાં ફેંકે તો તરત જ - ત્યાં પહોંચતા પહેલાં જ પીગળી જાય. (એટલી ગરમી નરકમાં છે.)

૮૯ धमिय कयअग्गिवन्नो,
मेरुसमो जह पडेज्ज अयगोलो ।
परिणमिज्जइ सीएसु,
सो वि हिमपिंडरूवेण ॥१९॥

તપાવીને લાલચોળ કરેલો મેરુપર્વત જેવડો લોખંડનો ગોળો ઠંડી નરકમાં પડે તો બરફરૂપે બની જાય (એટલી ઠંડી ત્યાં છે.)

~~ પરમાધામી કૃત વેદના ~~

૧૫૧ पाडंति वज्जमयवागुरासु, पिट्टंति लोहलउडेहिं ।
सूलग्गे दाऊणं, भुंजंति जलंतजलणंमि ॥२०॥

વજ્રમય જાળમાં પાડે, લોખંડના સળિયાથી મારે, શૂળની અણીમાં પરોવીને સળગતા અગ્નિમાં પકાવે.

૧૫૨ उवलंबिऊण उप्पिं, अहोमुहे हेट्ठ जलियजलणंमि ।
काऊण भडितं, खंडसो वि कत्तंति सत्थेहिं ॥२१॥

નીચે સળગતો અગ્નિ રાખીને ઉપર ઊંધા મુખે લટકાવે, ભડથું કરીને શસ્ત્રોથી ટુકડા કાપે.

૧૫૩ पहरंति चवेडाहिं, चित्तयवयवग्घसीहरूवेहिं ।
कुट्टंति कुहाडेहिं, ताण तणुं खयरकट्ठं व ॥२२॥

ચિત્તા, વરુ, વાઘ કે સિંહના રૂપ કરીને પંજાથી પ્રહાર કરે, તેમના શરીરને ખેરનું લાકડું હોય તેમ કુહાડીથી ફાડે.

१५४ कयवज्जतुंडबहुविह-विहंगरूवेहिं तिक्खचंचूहिं ।
अच्छी खुड्डुंति सिरं, हणंति चुंटंति मंसाइं ॥२३॥

વજ્ર જેવા મોઢા અને તીક્ષ્ણ ચાંચવાળા પક્ષીના ઘણા રૂપ કરીને આંખોને ફોલે, માથું ફોડે, માંસ વગેરે ચૂંટીને ખાય.

१५५ अगणिवरिसं कुणंते, मेहे वेउव्वियंमि नेरइया ।
सुरकयपव्वयगुहं, अणुसरंति निज्जलियसव्वंगा ॥२४॥

અગ્નિને વરસાવતો વરસાદ વિકુર્વે ત્યારે બળી ગયેલા શરીરવાળા નારકો બચવા માટે પરમાધામીઓએ બનાવેલ પર્વતની ગુફામાં જાય...

१५६ तत्थ वि पडंतपव्वय-सिलासमूहेण दलियसव्वंगा ।
अइकरुणं कंदंता, पप्पडपिट्ठं व कीरंति ॥२५॥

ત્યાં પણ ઉપરથી પડતી પર્વતશિલાઓથી તેમના શરીરના ભૂકા થઈ જાય અને અત્યંત કરુણ આક્રંદ કરે તો પણ તેમનો પાપડની ચૂરી જેવો ચૂરો કરે.

१५८ जेसिं च अइसएणं, गिद्धी सद्दाइएसु विसएसु ।
आसि इहं ताणं पि हु, विवागमेयं पयासंति ॥२६॥

જેમને શબ્દાદિ વિષયોમાં ગાઢ આસક્તિ હતી, તેમને નરકમાં આ (આગળ કહેવાતા) વિપાક બતાવે...

૧૫૯ तत्ततउमाइयाइं खिवंति, सवणेसु तह य दिट्ठीए ।
संतावुव्वेयविघाय-हेउरूवाणि दंसंति ॥२७॥

કાનમાં તપેલું સીસું વગેરે રેડે, આંખને ત્રાસ આપતાં, ઉદ્વેગ કરાવતા, દૃષ્ટિનો વિઘાત કરતાં રૂપો દેખાડે...

૧૬૦ तत्तो भीमभुयंगम-पिवीलियाईणि तह य दव्वाणि ।
असुईउ अणंतगुणे, असुहाइं खिवंति वयणंमि ॥२८॥

પછી અશુચિથી (વિષ્ઠાથી) પણ અનંતગુણ અશુભ દ્રવ્યો અને ભયંકર સાપ, કીડી વગેરે મોઢામાં નાંખે...

૧૬૧ वसमंसजलणमुम्मुर-पमुहाणि विलेवणाणि उवणेंति ।
उप्पाडिऊण संदंसएण, दसणे य जीहं य ॥२९॥

ચરબી, માંસ, અગ્નિ, અંગારા વગેરેનું વિલેપન કરે.. સાણસીથી દાંત અને જીભ ખેંચે...

૧૬૨ सोवंति वज्जकंटयसेज्जाए, अगणिपुत्तियाहिं समं ।
परमाहम्मियजणियाउ, एवमाईउ वियणाओ ॥३०॥

વજ્રના કાંટાની પથારીમાં અગ્નિની પૂતળીઓ સાથે સૂવાડે.. આ બધી પરમાધામીકૃત વેદનાઓ છે.

૧૨૩ पभणंति तओ दीणा, मा मा मारेह सामि ! पहु ! नाह !।
अइदुसहं दुक्खमिणं, पसियह मा कुणह एत्ताहे ॥३१॥

લાચાર એવા તેઓ (નરકના જીવો) બોલે છે "હે સ્વામી ! હે પ્રભુ ! હે નાથ ! મને મારો નહીં. આ દુઃખ અત્યંત દુઃસહ્ય છે. કૃપા કરો. આટલું દુઃખ ન આપો."

१३९ आरंभपरिग्गहवज्जियाण,
निव्वहइ अम्ह न कुडुंबं ।
इय भणियं जस्स कए,
आणसु तं दुहविभागत्थं ॥३२॥

પરમાધામીઓ કહે છે - "'આરંભ અને પરિગ્રહ વિના અમારા કુટુંબનો નિર્વાહ ન થાય' એવું તું જેમના માટે કહેતો હતો, તેમને દુઃખમાં ભાગીદાર બનાવવા લઈ આવ".

१६७ अच्छिनिमीलणमेत्तं, नत्थि सुहं दुक्खमेव अणुबद्धं ।
नरए नेरइयाणं, अहोनिसिं पच्चमाणाणं ॥३३॥

નરકમાં દિવસ-રાત પકાવાતાં નારકના જીવોને આંખના પલકારા જેટલું પણ સુખ હોતું નથી, નિરંતર દુઃખ જ હોય છે.

१६९ सव्वो पुव्वकयाणं, कम्माणं पावए फलविवागं ।
अवराहेसु गुणेसु य, निमित्तमेत्तं परो होइ ॥३४॥

બધા જ જીવો પોતે જ પૂર્વે કરેલા કર્મોના ફળને જ ભોગવે છે. લાભ કે નુકસાનમાં બીજો તો માત્ર નિમિત્ત બને છે.

~~ તિર્યંચગતિ ~~

१८४ एगूसासंमि मओ, सत्तरसवाराऽणंतखुत्तो वि ।
खुल्लगभवगहणाऊ, एएसु निगोयजीवेसु ॥३५॥

આ નિગોદના જીવોમાં અનંતવાર ક્ષુલ્લકભવના આયુષ્યવાળો થઈને એક ઉચ્છ્વાસ જેટલા કાળમાં સત્તર વાર તું મર્યો છે.

१९० पिट्ठं घट्ठं किमिजालसंगयं, परिगयं च मच्छीहि ।
वाहिज्जंति तहा वि हु, रासहवसहाइणो अवसा ॥३६॥

છોલાયેલી, કૃમિઓથી ખદબદતી અને માખીથી છવાયેલી પીઠ હોવા છતાં પરાધીન એવા બળદ, ગધેડા વગેરે પર ભાર વહન કરાય છે.

१९५ निग्गयजीहा पगलंतलोयणा, दीहरच्छियग्गीवा ।
वाहिज्जंता महिसा, पेच्छसु दीणं पलोयंति ॥३७॥

જીભ બહાર નીકળી ગઈ હોય, આંખો આંસુ સારતી હોય, ડોક અત્યંત છોલાયેલી હોય તેવા ભાર વહન કરાતા પાડાઓ કેવા દીન બનીને જુએ છે ? તે જુઓ.

१९८ उयरे उंटकरंकं, पट्ठीएँ भरो गलंमि कूवो य ।
उड्ढं मुंचइ पोक्कारइ, तहा वि वाहिज्जए करहो ॥३८॥

પેટમાં ઊંટનું અણીદાર હાડપિંજર, પીઠ પર ભાર અને ગળામાં કોઠીવાળા ઊંટ નિસાસા નાખે છે, તીણી ચીસો નાખે છે, છતાં ભાર વહન કરાવાય છે.

२०३ गलयं छेत्तूण कत्तियाइ, उल्लंबिऊण पाणेहिं ।
घेत्तुं तुह चम्ममंसं, अणंतसो विक्कियं तत्थ ॥३९॥

ત્યાં (પશુના ભવમાં) છરીથી ગળું કાપીને, પગેથી ઊંધા લટકાવીને તારી ચામડી-માંસ લઈને અનંત વાર વેચાયું છે.

२२० पज्जलियजलणजालासु, उवरि उल्लंबिऊण जीवंतो ।
भुत्तो सि भुंजिउं सूयरत्तणे, किह न तं सरसि ?॥४०॥

ભૂંડના ભવમાં સળગતી અગ્નિની જ્વાળા પર લટકાવીને જીવતા રાંધીને ખવાયો છે, તે શું યાદ નથી આવતું ?

२२४ विंझरमियाइं सरिउं,
झिज्जंतो निविडसंकलाबद्धो ।
विद्धो सिरंमि सियअंकुसेण,
वसिओ सि गयजम्मे ॥४१॥

હાથીના ભવમાં સાંકળથી ગાઢ રીતે બંધાયેલો અને માથામાં અણીદાર અંકુશથી વીંધાયેલો તું વિંધ્ય પર્વતમાં કરેલી રમતોને યાદ કરીને દુઃખી થયો છે.

२२९ जाले बद्धो सत्थेण, छिंदिउं हुयवहंमि परिमुक्को ।
भुत्तो य अणज्जेहिं, जं मच्छभवे तयं सरसु ॥४२॥

માછલાના ભવમાં જાળમાં અનાર્યો વડે ફસાવાઈને શસ્ત્ર વડે કપાઈને અગ્નિમાં શેકાયો અને ખવાયો છે, તે યાદ કર.

२३६ खरचरणचवेडाहि य, चंचुपहारेहिं निहणमुवणेंतो ।
निहणिज्जंतो य चिरं, ठिओ सि ओलावयाईसु ॥४३॥

પંજાના તીક્ષ્ણ પ્રહારો અને ચાંચના પ્રહારોથી બીજાને મારતો અને બીજા વડે મરાતો હોલા વગેરેના ભવમાં રહ્યો છે.

२४६ को ताण अणाहाणं,
रन्ने तिरियाण वाहिविहुराणं ।
भुयगाइडंकियाण य,
कुणइ तिगिच्छं व मंतं वा ? ॥४४॥

જંગલમાં રોગથી ઘેરાયેલા અને સર્પાદિથી ડંસાયેલા અનાથ એવા તિર્યંચોની કોણ દવા કે મંત્ર-તંત્ર કરનાર છે ?

२४७ वसणच्छेयं नासाइविंधणं, पुच्छकन्नकप्परणं ।
बंधणताडणडंभण-दुहाइं तिरिएसुऽणंताइं ॥४५॥

તિર્યંચગતિમાં વૃષણનો છેદ, નાક વગેરેનું વીંધાવું, પૂંછડી-કાનનું કપાવું, બંધન, માર, ડામ અપાવો વગેરે અનંત દુઃખો છે.

## ~~ મનુષ્યગતિ ~~

२६८ सूईहिं अग्गिवन्नाहिं, भिज्जमाणस्स जंतूणो ।
जारिसं जायए दुक्खं, गब्भे अट्ठगुणं तओ ॥४६॥

આગથી લાલચોળ તપેલી સોયોથી ભેદાતા જીવને જેટલું દુઃખ થાય, તેનાથી આઠ ગણું દુઃખ ગર્ભમાં હોય.

२६९ पित्तवसमंससोणिय-
सुक्कट्ठिपुरिसमुत्तमज्झंमि ।
असुइंमि किमिव्व ठिओ सि,
जीव ! गब्भंमि निरयसमे ॥४७॥

હે જીવ ! નરક જેવા ગર્ભાવાસમાં પિત્ત, ચરબી, માંસ, લોહી, શુક્ર, હાડકાં, મળ અને મૂત્ર રૂપ અશુચિમાં કૃમિની જેમ તું રહ્યો છે.

३२३ तम्हा मणुयगईए वि सारं,
पेच्छामि एत्तियं चेव ।
जिणसासणं जिणिंद,
महरिसिणो नाणचरणधणा ॥४८॥

એટલે મનુષ્યગતિમાં પણ આટલો જ સાર દેખાય છે : જિનશાસન, જિનેશ્વરો અને જ્ઞાન-ચારિત્રસંપન્ન મુનિવરો.

~~ દેવગતિ ~~

३८८ ईसाए दुहि अन्नो, अन्नो वेरियणकोवसंतत्तो ।
अन्नो मच्छरदुहिओ, नियडीए विडंबिओ अन्नो ॥४९॥

કોઈક (દેવ) ઈર્ષ્યાથી દુઃખી છે, કોઈક વૈરી પરના ગુસ્સાથી ત્રસ્ત છે, કોઈક દ્વેષથી દુઃખી છે, કોઈકને માયા હેરાન કરે છે.

३८९ अन्नो लुद्धो गिद्धो य, मुच्छिओ रयणदारभवणेसु ।
अभिओगजणियपेसत्तणेण, अइदुक्खिओ अन्नो ॥५०॥

કોઈક રત્નો-દેવીઓ અને ભવનોમાં લુબ્ધ-આસક્ત-મૂર્ચ્છિત છે. કોઈક અભિયોગનામકર્મના ઉદયથી આવેલા દાસપણાથી અતિદુઃખી છે.

३९६ अज्ज वि य सरागाणं, मोहविमूढाण कम्मवसगाणं ।
अन्नाणोवहयाणं, देवाणं दुहंमि का संका ? ॥५१॥

રાગયુક્ત, મોહથી મૂઢ, કર્મને પરવશ અને અજ્ઞાનગ્રસ્ત દેવો દુઃખી છે તેમાં હજુ પણ શી શંકા છે ?

३९८ तम्हा देवगईए, जं तित्थयराण समवसरणाई ।
कीरइ वेयावच्चं, सारं मन्नामि तं चेव ॥५२॥

એટલે દેવગતિમાં પણ જે તીર્થંકરના સમવસરણની રચના વગેરે ભક્તિ કરાય છે, તે જ સારરૂપ છે, એમ હું માનું છું.

~~ સંસાર સ્વરૂપ ~~

૪૦૦ सो नत्थि पएसो तिहुयणंमि, तिलतुसतिभागमेत्तो वि ।
जाओ न जत्थ जीवो, चुलसीईजोणिलक्खेसु ॥५३॥

ત્રણ ભુવનમાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો પણ એવો પ્રદેશ નથી કે જ્યાં આ જીવ ચોર્યાસી લાખ યોનિમાં જન્મ્યો ન હોય.

૪૦૧ सव्वाणि सव्वलोए, अणंतखुत्तो वि रुविदव्वाइं ।
देहोवक्खर-परिभोय-भोयणत्तणेण भुत्ताइं ॥५४॥

સર્વ લોકમાં રહેલા સર્વ પુદ્ગલોને અનંતવાર શરીર-રૂપે કે શય્યાદિરૂપે, પરિભોગરૂપે (સુવર્ણાદિરૂપે) કે આહારરૂપે ભોગવ્યા છે...

૪૦૨ मयरहरो व्व जलेहिं, तहवि हु दुप्पूरओ इमो अप्पा ।
विसयामिसंमि गिद्धो, भवे भवे वच्चह न तत्तिं ॥५५॥

તો પણ પાણીથી સમુદ્રની જેમ સદા અતૃપ્ત, વિષયમાં આસક્ત એવો આ જીવ કોઈ ભવમાં તૃપ્તિ પામતો નથી.

૪૦૩ इय भुत्तं विसयसुहं,
दुहं च तप्पच्चयं अणंतगुणं ।
इण्हिं भवदुहदलणंमि,
जीव ! उज्जमसु जिणधम्मे ॥५६॥

હે જીવ ! આ પ્રમાણે વિષયસુખ અને તેના કારણે આવેલું અનંતગણું દુઃખ ભોગવ્યું છે. હવે સંસારના દુઃખોનો નાશ કરનાર જૈન ધર્મમાં ઉદ્યમ કર.

~~ અશુચિભાવના ~~

૪૨૧ को कायसुणयभक्खे,
किमिकुलवासे य वाहिखित्ते य ।
देहंमि मच्चुविहुरे,
सुसाणठाणे य पडिबंधो ? ॥५७॥

કાગડા-કૂતરાથી ખવાનારા, કૃમિઓથી ખદબદતા, રોગોથી ભરેલા, મૃત્યુથી ગ્રસ્ત, છેલ્લે સ્મશાનમાં જ જનારા એવા શરીરમાં રાગ શું ?

૪૨૨ वत्थाहारविलेवण-तंबोलाइणि परदव्वाणि ।
होंति खणेण वि असुईणि, देहसंबंधपत्ताणि ॥५८॥

શરીરના સંપર્કમાં આવેલા વસ્ત્ર, આહાર, વિલેપન, તંબોલ વગેરે અન્ય દ્રવ્યો ક્ષણવારમાં જ અશુચિ થઈ જાય છે.

૪૨૪ इय खणपरियत्तंते, पोग्गलनिवहे तमेव इह वत्थुं ।
मन्नामि सुइं पवरं, जं जिणधम्मंमि उवयरइ ॥५९॥

આમ, ક્ષણે ક્ષણે બદલાનાર પુદ્‌ગલોના સમૂહ(રૂપી શરીર)માં તે જ વસ્તુ સારી - પવિત્ર માનું છું, જે જૈનધર્મમાં સહાયક બને.

~~ લોકસ્વભાવ ભાવના ~~

૪૨૮ अहवा लोगसहावं, भावेज्ज भवंतरंमि मरिऊण ।
जणणी वि हवइ धूया, धूया वि हु गेहिणी होइ ॥६०॥

અથવા તો આ રીતે લોકનો સ્વભાવ વિચારવો - માતા પણ મરીને પરભવમાં દીકરી થાય છે, દીકરી પણ પત્ની થાય છે.

૪૨૯ पुत्तो जणओ जणओ वि,
नियसुओ बंधूणो वि होंति रिऊ ।
अरिणो वि बंधुभावं,
पावंति अणंतसो लोए ॥६१॥

આ જગતમાં અનંતવાર પુત્ર પિતા થાય છે, પિતા પુત્ર થાય છે, મિત્રો શત્રુ થાય છે, શત્રુ પણ મિત્ર બને છે.

૪૩૦ पियपुत्तस्स वि जणणी,
खायइ मंसाइं भवपरावत्ते ।
जह तस्स सुकोसल-
मुणिवरस्स लोयंमि कट्ठमहो ! ॥६२॥

માતા, ભવ બદલાયા પછી પ્રિય પતિ અને પુત્રનું પણ માંસ ખાય છે, જેમ કે તે સુકોશલ મુનિવરની માતા. અહો ! લોકમાં દુઃખદ આશ્ચર્ય છે !

~~ આશ્રવ ભાવના ~~

૪૩૪ धम्मं अत्थं कामं, तिन्नि वि कुद्धो जणो परिच्चयइ ।
आयरइ ताइं जेहि य, दुहिओ इह परभवे होइ ॥६३॥

ગુસ્સે થયેલો માણસ ધર્મ, અર્થ અને કામ - ત્રણે ગુમાવે છે અને તેવું આચરણ કરે છે કે જેથી આભવ-પરભવમાં દુઃખી થાય છે.

૪૩૫ पावंति जए अजसं, उम्मायं अप्पणो गुणब्भंसं ।
उवहसणिज्जा य जणे, होंति अहंकारिणो जीवा ॥६४॥

અહંકારી જીવો જગતમાં અપયશ, ઉન્માદ અને પોતાના ગુણનો નાશ પામે છે અને લોકમાં મશ્કરીને પાત્ર બને છે.

૪૩૬ जह जह वंचइ लोयं, माइल्लो कूडबहुपवंचेहिं ।
तह तह संचिणइ मलं, बंधइ भवसायरं घोरं ॥६५॥

માયાવી જેમ જેમ ઘણાં ખોટા પ્રપંચોથી જગતને છેતરે છે, તેમ તેમ કર્મ બાંધીને ઘોર સંસારસાગરમાં રખડવાનું નિશ્ચિત કરે છે.

૪૩૭ लोभेण य हरियमणो, हारइ कज्जं समायरइ पावं ।
अइलोभेण विणस्सइ, मच्छो व्व जहा गलं गिलिउं ॥६६॥

લોભથી ગ્રસ્ત મનવાળો પાપ કરે છે અને પોતાનું કાર્ય કરી શકતો નથી. અતિલોભથી ગલમાં ફસાયેલા માછલાની જેમ નાશ પામે છે.

૪૩૯ होंति पमत्तगस्स विणासगाणि, पंचिंदियाणि पुरिसस्स ।
उरगा इव उग्गविसा, गहिया मंतोसहीहिं विणा ॥६७॥

પાંચે ઈન્દ્રિયો, આસક્ત પુરુષને માટે મંત્રૌષધિ વિના પકડેલા ઝેરી સાપની જેમ વિનાશક બને છે.

### ~~ સંવર ભાવના ~~

૪૪૩ जो सम्मं भूयाइं पेच्छइ, भूएसु अप्पभूओ य ।
कम्ममलेण न लिप्पइ, सो संवरियासवदुवारो ॥६८॥

જે જીવોને સારી રીતે જાણે અને તેમને પોતાની તુલ્ય માનીને રક્ષા કરે; આશ્રવદ્વારોને બંધ કરનાર સંવરયુક્ત તે જીવ કર્મ બાંધતો નથી.

૪૪૫ निग्गहिएहिं कसाएहिं, आसवा मूलओ निरुब्भंति ।
अहियाहारे मुक्के, रोगा इव आउरजणस्स ॥६९॥

અપથ્યનો ત્યાગ કરવાથી રોગો જેમ રોગી માણસમાંથી મૂળથી દૂર થાય, તેમ કષાયોનો નિગ્રહ કરવાથી આશ્રવો મૂળથી દૂર થાય.

૪૪૬ रुंभंति ते वि तवपसम-
ज्झाणसन्नाणचरणकरणेहिं ।
अइबलिणो वि कसाया,
कसिणभुयंग व्व मंतेहिं ॥७०॥

અતિ બળવાન્ એવા પણ કષાયો, મંત્રથી કાળા નાગની જેમ તપ, ઉપશમભાવ, ધ્યાન, જ્ઞાન અને ચારિત્રપાલનથી વશ થાય છે.

૪૪૭ गुणकारयाइं धणियं,
धिइरज्जुनियंतियाइं तुह जीव ! ।
निययाइं इंदियाइं,
वल्लिनियत्ता तुरंग व्व ॥७१॥

હે જીવ ! ધૃતિરૂપ દોરડા વડે સંયમિત કરાયેલી તારી ઈન્દ્રિયો, લગામથી નિયંત્રિત કરાયેલા ઘોડાની જેમ અત્યંત ગુણકર છે.

૪૪૮ मणवयणकायजोगा, सुनियत्ता ते वि गुणकरा होंति ।
अनियत्ता उण भंजंति, मत्तकरिणो व्व सीलवणं ॥७२॥

સુનિયંત્રિત એવા મન-વચન-કાયાના યોગો પણ ગુણકર થાય છે. અનિયંત્રિત યોગો તો ગાંડા હાથીની જેમ શીલરૂપી વનને ભાંગી નાંખે છે.

૪૪૯ जह जह दोसोवरमो, जह जह विसएसु होइ वेरग्गं ।
तह तह विन्नायव्वं, आसन्नं से य परमपयं ॥७३॥

જેમ જેમ દોષ ઘટે, જેમ જેમ વિષયોમાં વૈરાગ્ય જાગે, તેમ તેમ તારો મોક્ષ નજીક જાણવો.

~~ નિર્જરા ભાવના ~~

૪૫૩ नाणपवणेण सहिओ,
सीलुज्जलिओ तवोमओ अग्गी ।
दवहुयवहो व्व संसार-
विडविमूलाइं निद्दहइ ॥७४॥

જ્ઞાનરૂપ પવનથી યુક્ત, ચારિત્રરૂપ ઇંધણથી પ્રજ્વલિત થયેલ તપરૂપી અગ્નિ, દાવાનળની જેમ સંસારરૂપી વૃક્ષના મૂળને જ બાળીને ખાખ કરી નાંખે છે.

૪૫૫ मइलंमि जीवभवणे, विइन्ननिब्भिच्चसंजमकवाडे ।
दाउं नाणपईवं, तवेण अवणेसु कम्ममलं ॥७५॥

મલિન એવા આત્મઘરને, ચુસ્ત સંયમરૂપી દરવાજાથી બંધ કરીને જ્ઞાનરૂપી દીપકથી પ્રકાશિત કરીને તપથી કર્મરૂપી કચરાને સાફ કરો.

~~ જિનશાસન (ધર્મસ્વાખ્યાત) ભાવના ~~

૪૫૯ धन्ना जिणवयणाइं, सुणंति धन्ना कुणंति निसुयाइं ।
धन्ना पारद्धं ववसिऊण, मुणिणो गया सिद्धिं ॥७६॥

ધન્ય જીવો જિનવચન સાંભળે છે, ધન્ય જીવો સાંભળેલું આચરે છે, તેના પારને પામીને મોક્ષમાં ગયેલા મુનિઓ ધન્ય છે.

૪૬૦ दुक्करमेएहिं कयं, जेहिं समत्थेहिं जोव्वणत्थेहिं ।
भग्गं इंदियसेन्नं, धिइपायारविलग्गेहिं ॥७७॥

સશક્ત અને યુવાન એવા જેમણે દઢતારૂપી કિલ્લામાં રહીને ઇન્દ્રિયની સેનાને પરાજિત કરી, તેમણે દુષ્કર કાર્ય કર્યું છે.

૪૬૧ जम्मं पि ताण थुणिमो, हिमं व विप्फुरियझाणजलणंमि ।
तारुण्णभरे मयणो, जाण सरीरंमि निविलीणो ॥७८॥

તેમના જન્મની પણ પ્રશંસા કરીએ છીએ કે જેમના યુવાન શરીરમાં પણ કામ, ધ્યાનના અગ્નિમાં બરફની જેમ ઓગળી ગયો છે.

૪૬૨ जे पत्ता लीलाए, कसायमयरालयस्स परतीरं ।
ताण सिवरयणदीवं-गमाण भद्दं मुणिंदाणं ॥७९॥

જે રમતમાત્રમાં કષાયસમુદ્રના પારને પામ્યા છે, તે મોક્ષરૂપી રત્નદ્વીપમાં જનારા મુનિઓનું કલ્યાણ હો.

૪૬૬ आसन्ने परमपए, पावेयव्वंमि सयलकल्लाणे ।
जीवो जिणिंदभणियं, पडिवज्जइ भावओ धम्मं ॥८०॥

મોક્ષ નજીક હોય, સકળ કલ્યાણ થવાનું હોય ત્યારે જ જીવ જૈનધર્મને ભાવથી સ્વીકારે છે.

૪૬૮ माणुस्स खेत्त-जाइ-कुल-रूवारोग्ग-आउयं बुद्धी ।
सवणोग्गह-सद्धा संजमो य लोयंमि दुलहाइं ॥८१॥

આ જગતમાં મનુષ્યજન્મ, આર્યક્ષેત્ર, આર્યજાતિ, આર્યકુળ, પંચેન્દ્રિયપટુતા, આરોગ્ય, દીર્ઘાયુ, (સાંભળવાની ઇચ્છારૂપ) બુદ્ધિ, જિનવચનનું શ્રવણ, સ્મરણ, શ્રદ્ધા અને સંયમ દુર્લભ છે.

૪૬૯ अवरदिसाए जलहिंमि,
कोइ देवो खिवेज्ज किर समिलं ।
पुव्वदिसाए उ जुगं,
तो दुलहो ताण संजोगो ॥८२॥

સમુદ્રમાં પશ્ચિમદિશામાં કોઈ દેવ સમિલ (ગાડાની ધૂંસરીનું આડું લાકડું) નાખે અને પૂર્વ દિશામાં યુગ (ઊભું લાકડું) નાખે, તો તેનો સંયોગ દુર્લભ છે.

૪૭૦ अवि जलहिमहाकल्लोलपेल्लिया सा लभेज्ज जुगछिड्डं ।
मणुयत्तणं तु दुलहं, पुणो वि जीवाणऽउन्नाणं ॥८३॥

હજી કદાચ સમુદ્રના મોજાંઓથી તણાયેલ તે સમિલ યુગના છિદ્રમાં પેસી જાય તે સંભવે, પણ પુણ્ય ન કરનારા જીવોને મનુષ્યપણું ફરી મળવું તેનાથી પણ દુર્લભ છે.

૪૭૩ आलस्समोहऽवन्ना, थंभा कोहा पमायकिविणत्ता ।
भयसोगा अन्नाणा, वक्खेवकुउहला रमणा ॥८४॥

આળસ, મોહ, અનાદર, અભિમાન, ક્રોધ, પ્રમાદ, કૃપણતા, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કુતૂહલ અને રમત...

૪૭૪ एएहिं कारणेहिं, लद्धूण सुदुल्लहंपि मणुयत्तं ।
न लहइ सुइं हियकरिं, संसारुत्तारणिं जीवो ॥८५॥

આ તેર કારણોથી જીવ સુદુર્લભ એવા મનુષ્યપણાને પામીને પણ સંસારથી તારનાર હિતકર જિનવચનનું શ્રવણ કરતો નથી.

૪૭૬ जस्स बहिं बहुयजणो,
लद्धो न तए वि जो बहुं कालं ।
लद्धंमि जीव ! तंमि वि,
जिणधम्मे किं पमाएसि ? ॥८६॥

ઘણાં લોકો જે જિનધર્મથી સર્વથા બહાર છે, તને પણ જે ઘણાં કાળ માટે મળ્યો નથી; તે જિનધર્મ મળ્યા પછી પણ હે જીવ ! તું કેમ પ્રમાદ કરે છે ?

૪૭૯ लद्धंमि जिणधम्मे, जेहिं पमाओ कओ सुहेसीहिं ।
पत्तो वि हु पडिपुन्नो, रयणनिही हारिओ तेहिं ॥८७॥

જૈન ધર્મ મળ્યા પછી પણ જે સુખશીલ જીવોએ પ્રમાદ કર્યો, તેમણે મળેલો રત્નનો પૂર્ણ નિધિ ગુમાવી દીધો.

૪૮૨ इच्छंतो रिद्धिओ, धम्मफलाओ वि कुणसि पावाइं ।
कवलेसि कालकूडं, मूढो चिरजीवियत्थी वि ॥८८॥

ધર્મના ફળરૂપ સમૃદ્ધિને તું ઈચ્છે છે અને કરે છે પાપ ! આ તો લાંબુ જીવવાની ઈચ્છા છે અને કાલકૂટ ઝેર ખાવાની મૂર્ખાઈ કરી રહ્યો છે !

૪૮૩ भवभमणपरिस्संतो, जिणधम्मतरुंमि वीसमिउं च ।
मा जीव ! तंमि वि तुमं, पमायवणहुयवहं देसु ॥८९॥

હે જીવ ! સંસારના પરિભ્રમણથી થાકેલો તું જિનધર્મરૂપી વૃક્ષ નીચે વિશ્રામ કરીને તેના જ મૂળમાં પ્રમાદરૂપ દાવાનળ ન સળગાવ !

૪૮૫ जिणधम्मरिद्धिरहिओ,
रंको च्चिय नूण चक्कवट्टी वि ।
तस्स वि जेण न अन्नो,
सरणं नरए पडंतस्स ॥९०॥

જિનધર્મરૂપ સમૃદ્ધિથી રહિત ચક્રવર્તી પણ રંક જ છે, કારણકે નરકમાં જતા તેને પણ બચાવનાર બીજું કોઈ શરણરૂપ નથી.

૪૮૮ जिणधम्मसत्थवाहो, न सहाओ जाण भवमहारन्ने ।
किह विसयभोलियाणं, निव्वुइपुरसंगमो ताणं ? ॥९१॥

વિષયોથી ભોળવાયેલા જે જીવોને સંસારરૂપી મહા અટવીમાં જૈનધર્મરૂપ સાર્થવાહની સહાય નથી, તેઓ મોક્ષનગરીમાં કઈ રીતે પહોંચશે ?

૪૯૦ जह धम्मामयपाणं,
मुहाए पावेसि साहुमूलंमि ।
ता दविएण किणेउं,
विसयविसं जीव ! किं पियसि ? ॥९२॥

હે જીવ ! જો સાધુ ભગવંતો પાસેથી મફતમાં ધર્મરૂપી અમૃતનું પાન મળે છે, તો પછી પૈસાથી ખરીદીને વિષયરૂપી ઝેર કેમ પીવે છે ?

૪૯૧ अन्नन्नसुहसमागम-चिंतासयदुत्थिओ सयं कीस ? ।
कुण धम्मं जेण सुहं, सो च्चिय चिंतेइ तुह सव्वं ॥९३॥

શા માટે તું જાતે જુદા જુદા સુખોની પ્રાપ્તિની સેંકડો ચિંતાઓથી વ્યથિત થાય છે ? એક ધર્મ જ કર, કે જેથી તે જ તારા બધા સુખની ચિંતા કરશે.

૪૯૨ संपज्जइ सुहाइं,
जइ धम्मविवज्जियाण वि नराणं ।
तो होज्ज तिहुयणंमि वि,
कस्स दुहं ? कस्स व न सोक्खं ? ॥९४॥

ધર્મરહિત માણસોને પણ જો સુખ મળતું હોત, તો ત્રણે ભુવનમાં કોણ દુઃખી હોત ? અથવા કોણ સુખી ન હોત ?

૪૯૩ जह कागिणीइ हेउं, कोडिं रयणाण हारए कोई ।
तह तुच्छविसयगिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥९५॥

જેમ કોઈ કાકિણી (કોડી) માટે કરોડો રત્નો ગુમાવી દે, તેમ તુચ્છ વિષયસુખમાં આસક્ત જીવો મોક્ષસુખ ગુમાવી દે છે.

૪૯૯ को जाणइ पुणरुत्तं, होही कइया वि धम्मसामग्गी ? ।
रंक व्व धणं कुणह, महव्वयाण इण्हिं पि पत्ताणं ॥९६॥

ધર્મસામગ્રી ફરીવાર ક્યારે મળશે, તે કોણ જાણે છે ? એટલે રંક જેમ ધનનું રક્ષણ કરે, તેમ હમણાં પ્રાપ્ત થયેલા મહાવ્રતોનું રક્ષણ કરો.

~~ જ્ઞાનમાહાત્મ્ય ~~

૫૦૨ नाणे आउत्ताणं, नाणीणं नाणजोगजुत्ताणं ।
को निज्जरं तुलेज्जा, चरणंमि परक्कमंताणं ? ॥९७॥

જ્ઞાનમાં ઉપયોગવંત, જ્ઞાનમાં ઉદ્યમવંત, ચારિત્રમાં પુરુષાર્થવંત એવા જ્ઞાનીની નિર્જરાની તુલના કોણ કરી શકે ?

૫૦૩ नाणेणं चिय नज्जइ,
करणिज्जं तह च वज्जणिज्जं च ।
नाणी जाणइ काउं,
कज्जमकज्जं च वज्जेउं ॥९८॥

જ્ઞાનથી જ કર્તવ્ય (ઉપાદેય) અને વર્જનીય (હેય) જણાય છે. જ્ઞાની જ કાર્ય કરવાના અને અકાર્ય વર્જવાના ઉપાય જાણે છે.

૫૦૪ जसकित्तिकरं नाणं, गुणसयसंपायगं जए नाणं ।
आणा वि जिणाणेसा, पढमं नाणं तओ चरणं ॥९९॥

જગતમાં જ્ઞાન યશ-કીર્તિ અપાવનાર છે, સેંકડો ગુણોની પ્રાપ્તિ કરાવનાર છે. ભગવાનની આજ્ઞા પણ આ જ છે - પહેલું જ્ઞાન, પછી ચારિત્ર.

૫૦૫ ते पुज्जा तियलोए, सव्वत्थ वि जाण निम्मलं नाणं ।
पुज्जाण वि पुज्जयरा, नाणी य चरणजुत्ता य ॥१००॥

જેમની પાસે નિર્મળ જ્ઞાન છે, તે ત્રણ લોકમાં સર્વત્ર પૂજ્ય છે. જ્ઞાની અને ચારિત્રવંત તો પૂજ્યોમાં પણ અત્યંત પૂજ્ય છે.

~ મમત્વત્યાગ ~

૫૦૮ जरमरणसमं न भयं, न दुहं नरगाइजम्मओ अन्नं ।
तो जम्ममरणजरमूल-कारणं छिंदसु ममत्तं ॥१०१॥

જરા-મરણ જેવો કોઈ ભય નથી. નરકાદિમાં જન્મથી વધીને કોઈ દુઃખ નથી. તો જન્મ-જરા-મરણના મૂળ કારણરૂપ મમત્વનો જ નાશ કર.

૫૦૯ जावइयं किंपि दुहं, सारीरं माणसं च संसारे ।
पत्तो अणंतखुत्तो, विहवाइममत्तदोसेण ॥१०२॥

સંસારમાં જેટલા પણ શારીરિક કે માનસિક દુઃખો છે, તે બધા વૈભવ વગેરેના મમત્વના કારણે તું અનંતવાર પામ્યો છે.

૫૧૩ छिज्जं सोसं मलणं, दाहं निप्पीलणं च लोयंमि ।
जीवा तिला य पेच्छह, पावंति सिणेहसंबद्धा ॥१०३॥

જુઓ, લોકમાં જેમ સ્નેહ (તેલ) યુક્ત એવા તલ છેદન, શોષણ, મર્દન, દાહ, પીલન પામે છે, તેમ સ્નેહયુક્ત જીવ પણ આ બધું પામે છે.

૫૧૪ दूरुज्झियमज्जाया,
धम्मविरुद्धं च जणविरुद्धं च ।
किमकज्जं तं जीवा,
न कुणंति सिणेहपडिबद्धा ? ॥१०४॥

કયું એવું ધર્મવિરુદ્ધ કે લોકવિરુદ્ધ અકાર્ય છે કે જે સ્નેહથી બંધાયેલા અને મર્યાદાનો લોપ કરનારા જીવો નથી કરતા ?

૫૧૯ तिव्वा रोगायंका,
सहिया जह चक्किणा चउत्थेणं ।
तह जीव ! ते तुमं पि हु,
सहसु सुहं लहसि जमणंतं ॥१०५॥

જેમ ચોથા સનત્કુમાર ચક્રવર્તીએ તીવ્ર રોગોની વેદના સહન કરી; તેમ હે જીવ ! તું પણ તે વેદના સહન કર કે જેથી અનંત સુખને પામીશ.

-: વિનય :-

૫૨૨ मुहकडुयाइं अंतेसुहाइं, गुरुभासियाइं सीसेहिं ।
सहियव्वाइं सया वि हु, आयहियं मग्गमाणेहिं ॥१०६॥

સાંભળવામાં કડવા પણ પરિણામે સુખ આપનારા ગુરુના વચનો, આત્મહિતને ઈચ્છનારા શિષ્યોએ સદા સહન કરવા.

૫૨૩ इय भाविऊण विणयं,
कुणंति इह परभवे य सुहजणयं ।
जेण कएणऽन्नो वि हु,
भूसिज्जइ गुणगणो सयलो ॥१०७॥

આ પ્રમાણે વિચારીને આભવ-પરભવમાં સુખ આપનાર વિનય કરે, કે જેનાથી બાકીના બધા ગુણો પણ શોભે છે.

-: ઉપસંહાર :-

૫૨૬ जो पढइ सुत्तओ सुणइ,
अत्थओ भावए य अणुसमयं ।
सो भवनिव्वेयगओ,
पडिवज्जइ परमपयमग्गं ॥१०८॥

જે સૂત્રથી આ ભવભાવના ભણે, અર્થથી સાંભળે અને પ્રત્યેક સમયે વિચારે; તે ભવનિર્વેદ પામીને મોક્ષમાર્ગને સ્વીકારે.

ૐ ह्रीँ